RNI NO GUJGUJ2003/09673
LEELA NEWS NETWORK P. LTD

# સૌરાષ્ટ્ર આજતક

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૯૮૭૯૫૬૯૪૦૦, ફોન : ૮૭૫૮૭૫૫૫૨૨

● સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ - ૩    શનિવાર તા.૧૫-૦૮-૨૦૨૬    અંક : ૩૪૦ વર્ષ : ૨૩    e-mail : sauaajtak@gmail.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

### ૮૦માં સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લા પર રચાશે ઇતિહાસ

# પહેલીવાર ગૂંજશે 'વંદે માતરમ', ૨૧ તોપોની સલામી સાથે થશે ધ્વજવંદન

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી ધ્વજવંદન કરશે, વંદે માતરમના ૧૫૦ વર્ષ જૂના વારસાને યાદ કરવામાં આવશે

નવીદિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ દિલ્હીના લાલ કિલ્લા પરથી ૮૦માં સ્વતંત્રતા દિવસની ઉજવણીનું નેતૃત્વ કરશે. આ ભવ્ય કાર્યક્રમ રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ'ના ૧૫૦ વર્ષ જૂના વારસાને યાદ કરવા અને ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત' બનવાની ભારતની યાત્રામાં 'યુવા શક્તિ'ની ઊર્જા, આકાંક્ષાઓ અને મહત્વપૂર્ણ યોગદાનની ઉજવણી કરવા માટે આયોજિત કરવામાં આવી રહ્યો છે. લાલ કિલ્લા પર આ કાર્યક્રમમાં પહેલી વાર 'વંદે માતરમ' રજૂ કરવામાં આવશે.

લાલ કિલ્લા પર આગમન બાદ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, સંરક્ષણ રાજ્ય મંત્રી સંજય સેઠ અને સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહ પ્રધાનમંત્રીનું સ્વાગત કરી શકે છે. સંરક્ષણ સચિવ પ્રધાનમંત્રીનો પરિચય લેફ્ટનન્ટ જનરલ રાજેશ સેઠી, જનરલ ઓફિસર કમાન્ડિંગ દિલ્હી વિસ્તાર સાથે કરાવશે. ત્યારબાદ, દિલ્હી વિસ્તારના જીઓસી, પ્રધાનમંત્રીને સેલ્યુટીંગ બેઝ પર લઈ જશે, જ્યાં ઈન્ટર-સર્વિસિસ અને દિલ્હી પોલીસનો સંયુક્ત ગાર્ડ નરેન્દ્ર મોદીને 'જનરલ સેલ્યુટ' રજૂ કરશે. ત્યારબાદ, પ્રધાનમંત્રી ગાર્ડ ઓફ ઓનરનું નિરીક્ષણ કરશે.પ્રધાનમંત્રી માટે ગાર્ડ ઓફ ઓનર ટુકડીમાં એક અધિકારી અને સેના, નૌકાદળ, વાયુસેના અને દિલ્હી પોલીસના ૨૪ સૈનિકોનો સમાવેશ થશે.



ગાર્ડ ઓફ ઓનરનું નિરીક્ષણ કર્યા પછી, પ્રધાનમંત્રી લાલ કિલ્લાના પ્રાચીર તરફ જશે, જ્યાં તેમનું સ્વાગત સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, સંરક્ષણ રાજ્ય મંત્રી સંજય સેઠ, સંરક્ષણ સ્ટાફ ચીફ જનરલ એનએસ રાજા સુબ્રમણ્ય, વાયુસેના ચીફ એર ચીફ માર્શલ એપી સિંહ, નૌકાદળના વડા એડમિરલ કૃષ્ણા સ્વામીનાથન અને આર્મી ચીફ જનરલ ધીરજ સેઠ કરશે. દિલ્હી વિસ્તારના જનરલ ઓફિસર, પ્રધાનમંત્રીને રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટે પ્રાચીર પરના મંચ પર લઈ જશે.

## ૨૧ તોપોની સલામી સાથે ધ્વજવંદન

કેપ્ટન સોનિયાસિંહ ચૌહાણ રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં પ્રધાનમંત્રીને મદદ કરી શકે છે. આ સમારોહ ૧૭૨૧ ફિલ્ડ બેટરીના બહાદુર તોપચાપ દ્વારા ૨૧ તોપોની સલામી સાથે સુમેળમાં યોજાશે. થલસેના, નૌસેના, વાયુસેના અને દિલ્હી પોલીસના એક-એક અધિકારી તથા ૩૨-૩૨ અન્ય રેન્કના જવાનોની બનેલી નેશનલ ફ્લેગ ગાર્ડ વડાપ્રધાન દ્વારા રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવે ત્યારે 'રાષ્ટ્રીય સલામી' આપશે. આ ઈન્ટર-સર્વિસ ગાર્ડ અને પોલીસ ગાર્ડની કમાન મેજર લોકેન્દ્ર સિંહ શેખાવત સંભાળશે.પ્રધાનમંત્રી જયારે રાષ્ટ્રીય ધ્વજ ફરકાવશે ત્યારે ભારતીય વાયુસેનાના બે મૈ-૧૭ હેલિકોપ્ટર કાર્યક્રમ સ્થળ પર ફૂલોની વર્ષા કરશે.

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsb.bank.in (મલ્ટી-સ્ટેટ શેડયુલ્ડ બેંક)
નાગરિક વ્યાપાર મિત્ર ધિરાણ યોજના
વ્યાજદર ફક્ત ૯.૫૦% થી
ધિરાણમાં ફિક્સ રેટ
નહિવત ડોક્યુમેન્ટ
રૂા. ૫૦ લાખ સુધી ધિરાણ સુવિધા
મુદ્દતઃ મહત્તમ ૧૪૪ માસ
પ્રોસેસ ચાર્જઃ ૦.૫૦%
*શરતોને આધીન
નજીકની શાખાનો સંપર્ક કરો તુરંત અથવા Mo. 85117 85085માં મિસ્ડ કોલ કરો અને બેંકની યોજનાની માહિતી મેળવો
નાના માણસની મોટી બેંક    PROUDLY CO-OPERATIVE    સહકારથી સમૃદ્ધિ

## ટ્રમ્પે વિદેશી ડ્રોન પર ૧૦૦% ટેરિફ ઝીંક્યો

### ચીન પર નિર્ભરતા ઘટાડવા નિર્ણય, ભારતીય ડ્રોન કંપનીઓ માટે અમેરિકામાં નવી તકો ખુલશે

વોશિંગટન,

અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન પર નિર્ભરતા ઘટાડવા અને રાષ્ટ્રીય સુરક્ષા મજબૂત કરવા વિદેશી ડ્રોન પર ૧૦૦% સુધીનો ટેરિફ લગાવવાની જાહેરાત કરી છે. ૩ સપ્ટેમ્બરથી અમલી બનનારા આ નિર્ણયથી ૨૫ કિલોથી વધુ વજનના ડ્રોન પર ૧૦૦% અને નાના ડ્રોન પર ૨૫% ટેરિફ લાગશે. આ નિર્ણયથી ચીનને સીધો ફટકો પડશે અને ભારતીય



ડ્રોન કંપનીઓ માટે અમેરિકામાં નવી તકો ખુલશે.

ચીન પરની નિર્ભરતા ઓછી કરવા અને રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત કરવાના હેતુથી અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિદેશથી આયાત કરવામાં આવતા ડ્રોન અને તેના સ્પેરપાર્ટ્સ પર ૧૦૦% સુધીનો જંગી ટેરિફ (આયાત કર) લાદવાની જાહેરાત કરી છે. વ્હાઈટ હાઉસ દ્વારા જારી કરાયેલા સત્તાવાર નિવેદન અનુસાર, આ નવો ટેરિફ મોટાભાગે ૩ સપ્ટેમ્બરથી અમલી બનશે.ટ્રમ્પ પ્રશાસનના નવા ફરમાન મુજબ, આ ભારે-ભરખમ ૧૦૦% ટેરિફ એવા સંવેદનશીલ ડ્રોન પર લાગુ થશે જેનું વજન ૨૫ કિલોગ્રામથી વધુ છે અથવા જેમાં થર્મલ ઈમેજિંગ જેવી એડવાન્સ સુરક્ષા ટેક્નોલોજી આપેલી છે.

## શાહબાઝે ભારતને આપી યુદ્ધની ધમકી

### સ્વતંત્રતા દિવસે ઇસ્લામાબાદમાં યોજાયેલા 'યાદગાર-એ-ફતહ' કાર્યક્રમમાં ભારતને સીધી ચેતવણી આપી

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે સ્વતંત્રતા દિવસ નિમિત્તે ભારત સામે આક્રમક તેવર બતાવ્યા છે. ઈસ્લામાબાદમાં તેમણે સિંધુ જળ સંધિ મુદ્દે ભારતને ચેતવણી આપી હતી. શરીફે કહ્યું કે, પાકિસ્તાનના પાણીનું એક-એક ટીપું તેની 'રેડ લાઈન' છે. તેમણે મે ૨૦૨૫ના સૈન્ય સંઘર્ષનો ઉલ્લેખ કરી, ભારતને વધુ તાકાતથી જવાબ આપવાની ધમકી આપી. જોકે, તેમણે યુએસ પ્રમુખ ટ્રમ્પનો સીઝફાયર કરાવવા બદલ આભાર માન્યો હતો.

પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે સ્વતંત્રતા દિવસના પ્રસંગે ભારત સામે ફરી એકવાર આક્રમક અને તીખા તેવર બતાવ્યા છે. ઈસ્લામાબાદમાં યોજાયેલા 'યાદગાર-એ-ફતહ' કાર્યક્રમ દરમિયાન શાહબાઝ



શરીફે સિંધુ જળ સંધિ અંગે ભારતને સીધી ચેતવણી આપી હતી. તેમણે દાવો કર્યો હતો કે પાકિસ્તાનના પાણીનું એક-એક ટીપું તેની 'રેડ લાઈન' છે અને જો ભારત પોતાના વલણથી પીછેહઠ નહીં કરે તો પાકિસ્તાન તેનો સીધો જવાબ આપશે.

## ભાગલાનું દુઃખ સહન કરનારાઓની ભાવનાને સલામઃ મોદી

નવીદિલ્હી,

ભારતમાં આજે, ૧૪ ઓગસ્ટના રોજ 'વિભાજન ભયાનક સ્મૃતિ દિવસ' ઉજવવામાં આવી રહ્યો છે. ૧૯૪૭ ના ભાગલા દરમિયાન પોતાના જીવ ગુમાવનારા અને અકલ્પનીય દુઃખ સહન કરનારા તમામ લોકોને ભારત શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે. ૧૯૪૭ માં ભારતની સ્વતંત્રતા સમયે, દેશના મોટા ભાગને ભાગલાનું દુઃખ સહન કરવું પડ્યું. ભાગલા રેખા દોરાયા પછી લાખો લોકો પંજાબ અને બંગાળ (પાકિસ્તાન) ના વિભાજિત ભાગોમાં બધું છોડીને સ્વતંત્ર ભારતમાં આવ્યા. પીએમ મોદીએ તેમની ભાવનાને સલામ કરી.


વિભાજન ભયાનક સ્મૃતિ દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૯૪૭ ના ભાગલા દરમિયાન થયેલા નુકસાનને યાદ કર્યું. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું, "આપણે ભાગલાથી પ્રભાવિત બધા લોકોની હિંમતને યાદ કરીએ છીએ. આ ઈતિહાસનો એક એવો સમય હતો જેણે ઘણા જીવન બરબાદ કરી દીધા. પરિવારો ઉખડી ગયા, પ્રિયજનો ગુમાવ્યા, અને લોકોએ અપાર પીડા સહન કરી. વધુમાં, આ પડકારોને પાર કરીને, લોકોએ શરૂઆતથી પોતાના જીવનનું પુનર્નિર્માણ કર્યું, મુશ્કેલીઓને સફળતામાં ફેરવી અને રાષ્ટ્રની પ્રગતિમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. તેમની જીવન યાત્રાઓ આપણને માનવ ભાવનાની શક્તિની યાદ અપાવે છે."

### પાકિસ્તાન હજુ સુધી ઓપરેશન સિંદૂરના ઘા ભૂલી શક્યું નથી, પીએમ શાહબાઝ શરીફ

ઈસ્લામાબાદ,

પાકિસ્તાને તેના સ્વતંત્રતા દિવસ, ૧૪ ઓગસ્ટના રોજ પણ ભારત વિરુદ્ધ ઝેર ઓક્યું. પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં શરૂ કરાયેલા ભારતના ઓપરેશન સિંદૂરનો આઘાત પાકિસ્તાનને હજુ પણ સતાવી રહ્યો છે. આ જ કારણ છે કે, સ્વતંત્રતાની ઉજવણી કરવાને બદલે, પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે ભારત સામે યુદ્ધની ધમકી આપી. હકીકતમાં, પાકિસ્તાન સિંધુ જળ સંધિ રદ કરવાના ભારતના નિર્ણયથી એટલું ગુસ્સે છે કે તેણે યુદ્ધની ધમકી આપી છે.

ગુરુવારે રાત્રે, પાકિસ્તાનની સ્વતંત્રતાની ૮૦મી વર્ષગાંઠ પહેલા, પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં "યાદગર-એ-ફતેહ" નામના સ્મારકનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારી અને વડા પ્રધાન શાહબાઝ શરીફે આ સ્મારકનું ઉદ્ઘાટન કર્યું.




આર.આઈ.એલ.-જામનગર : વિશ્વનું સૌથી વિશાળ રિફાઈનિંગ મથક




રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની જામનગરમાં આવેલી દૈનિક ૧.૨૪ મિલિયન બેરલ ક્ષમતા ધરાવતી રિફાઈનરી વિશ્વની એક જ સ્થળે આવેલી સૌથી મોટી રિફાઈનરી તરીકે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. આ રિફાઈનરી વિવિધ પ્રકારના ક્રૂડના શુદ્ધિકરણની ક્ષમતા ધરાવે છે અને તે પણ વિશ્વભરમાં સૌથી ઓછી કિંમતે. આ સંકુલનો ઝડપી વિકાસ જ ભારતના પરિવર્તનના કેન્દ્રમાં રહેલો છે. આ રિફાઈનરી સ્થપાતા ભારત પેટ્રોલિયમ ઉત્પાદનોના આયાતકારમાંથી તેનું નિકાસકાર બન્યું અને તે રીતે દેશની ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત બની. આર.આઈ.એલ. વિશ્વના સૌથી મોટા સંકલિત પેટ્રોરસાયણ ઉત્પાદકોમાં સ્થાન ધરાવે છે અને તેનું લક્ષ્ય વિશ્વના ટોચની પાંચ સૌથી નફાકારક કંપનીઓમાં સ્થાન પ્રાપ્ત કરવાનું છે.

સુનિશ્ચિત કરે છે દેશની ઊર્જા સુરક્ષા

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ
વૃદ્ધિ એ જ જીવન

સૌરાષ્ટ્ર આજતક

# આજે રાષ્ટ્રભક્તિના રંગે રંગાશે સમગ્ર સૌરાષ્ટ્ર : ઠેર ઠેર ધ્વજવંદન

## શાળા-કોલેજોમાં ધ્વજવંદન સાથે સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજનોઃ તૈયારીઓ પુરજોશમાંઃ સરકારી કચેરીઓને રોશનીનો શણગાર

રાજકોટ

આવતીકાલે સમગ્ર રાષ્ટ્રમાં સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવણી થશે. આવતીકાલે રાષ્ટ્રભક્તિના દર્શન સાથે ઠેર ઠેર ધ્વજવંદન તથા સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજનો થશે. રાષ્ટ્રભક્તિ એટલે પોતાના દેશ પ્રત્યેનો સાચો પ્રેમ, આદર અને સમર્પણની ભાવના. તે માત્ર સરહદ પર લડવા પુરતી મર્યાદીત નથી પરંતુ દેશના વિકાસમાં યોગદાન આપવું, કાયદાનું પાલન કરવું અને સમાજમાં એકતા જાળવણી એ સાચી રાષ્ટ્રભક્તિ છે.

આવતીકાલે ૭૯માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી થશે અને ૮૦માં વર્ષમાં પ્રવેશ થશે. રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં જીલ્લા, તાલુકા, શહેર વાઈઝ સરકારી તંત્ર દ્વારા ધ્વજવંદનના કાર્યક્રમો યોજવામાં



આવ્યા છે. મેદાનમાં રાજયના મંત્રીઓ, અગ્રણીઓ ધ્વજવંદન કરીને રાષ્ટ્રને વંદના કરશે. આ તકે પોલીસ પરેડ તથા સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજનો થશે.

રાજકોટ જીલ્લા કક્ષાનો ધ્વજવંદનનો કાર્યક્રમ આ વખતે ગોંડલ ખાતે યોજાનાર છે તથા રાજયના મંત્રી જીતુભાઈ વાઘાણી ધ્વજવંદન કરશે.

રાજકોટ શહેરમાં ચૌધરી હાઈસ્કુલ ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયેલ છે તથા ધ્વજવંદન અધિક કલેકટર શ્રી બારોટના હસ્તે થશે. પોલીસ હેડ કવાર્ટરમાં પોલીસ કમિશ્નર વ્રજેશકુમાર ઝાના વરદ હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો છે તેમજ શાળા-કોલેજોમાં ધ્વજવંદન તથા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા છે. રાષ્ટ્રભક્તિના મહાપર્વમાં લોકો અનેરા ઉમંગથી રાષ્ટ્રને વંદના કરશે.

## અમરેલી એરપોર્ટ ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનું ઉષ્માભર્યું સ્વાગત



કૈલેશ ભટ્ટ ઉના

અમરેલી એરપોર્ટ ખાતે રાજયપાલ આચાર્ય દેવવ્રતનું આગમન થતા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા, જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી એચ.જે. પ્રજાપતિ, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, જિલ્લા ભાજપ અતુલ કાનાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. રાજયપાલના આગમનને લઈને એરપોર્ટ ખાતે જરૂરી સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી હતી. મહાનુભાવોએ રાજયપાલનું સ્વાગત કરી શુભેચ્છા પાઠવી હતી. અમરેલી એરપોર્ટ ખાતે ટૂંકા રોકાણ દરમિયાન સ્થાનિક અધિકારીઓ અને આગેવાનો સાથે મુલાકાત કર્યા બાદ રાજયપાલ આચાર્ય દેવવ્રત બોટાદ જવા માટે રવાના થયા હતા.

## મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ આજે અમરેલીમાં : ધ્વજવંદન બાદ ૪૦૩ કરોડના વિકાસ કામોની ભેંટ આપશે

### રાજયકક્ષાના ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીઃ લીલીછમ વેલી અમરેલી નગરી સુશોભન સાથે રાષ્ટ્રભક્તિનાં રંગે રંગાઇ

(મિલાપ રૂપારેલ) અમરેલી,

રાજયકક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી આ વર્ષે અમરેલી ખાતે થવા જઈ રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં યોજાનારી રાજયકક્ષાની ઉજવણી અંતર્ગત અમરેલી જિલ્લામાં વિવિધ સાંસ્કૃતિક, દેશભક્તિપૂર્ણ અને લોકભાગીદારીના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજયકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના સમારોહ દરમિયાન





સાંસ્કૃતિક કાર્યક્રમ પહેલા અમરેલી જિલ્લામાં આશરે રૂ. ૪૦૩ કરોડના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ વિકાસકાર્યો થકી જિલ્લાના સર્વાંગી વિકાસને વધુ વેગ મળશે.

આજેતા.૧૫ ઓગસ્ટના રોજ પોલીસ પરેડ ગ્રાઉન્ડસ ખાતે રાજયકક્ષાના સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના મુખ્ય સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાષ્ટ્ર ધ્વજ ફરકાવી ધ્વજવંદન કરવામાં આવશે. આ પ્રસંગે પોલીસ જવાનો દ્વારા ભવ્ય અને દિલધડક પરેડનું આયોજન કરવામાં આવશે, જે અમરેલીવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. રાજયકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને ઐતિહાસિક અને યાદગાર બનાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. સમગ્ર અમરેલી જિલ્લો રાષ્ટ્રભક્તિના રંગે રંગાઈ રહ્યો છે ત્યારે જિલ્લાના નાગરિકોને આ વિવિધ કાર્યક્રમોમાં ઉત્સાહભેર જોડાઈ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં સહભાગી થવા અપીલ કરવામાં આવી છે.

# રાજકોટ મનપા ફૂડ શાખાના ફરાળી પેટીસ વેચતા વેપારીઓને ત્યા દરોડઃ ૧૨ કિલો પેટીસ - ચીપ્સનો નાશ

## મનપા દ્વારા વિવિધ વિસ્તારોના ૭૭ ખાણીપીણીના વેપારીઓને ત્યાં તપાસઃ ૮ને નોટીસઃ ઘી- પનીરના ૪ નમુના લીધા

રાજકોટ,

શ્રાવણ માસ નિમિતે ફરાળી ખાદ્યચીજોનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થતો હોય રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા અલગ અલગ વિસ્તારમાં ફરાળી ખાદ્યચીજો વેંચતા વેપારીઓને ત્યા ચેકીંગ ડ્રાઈવ શરૂ કરી છે. બે દિવસમાં ૧૩ સ્થળે દરોડા પાડવામા આવ્યા હતા.

ચેકીંગ દરમિયાન જે જગ્યાએ ફરાળી ચેવડો, પેટિસ કે અન્ય સામગ્રીમાં શંકા જણાતી હોય તેવી ૧૩ પેઢીમાંથી નમુના લઈને લેબોરેટરીમાં મોકલી આપવામા આવ્યા છે. સમગ્ર શ્રાવણ માસ દરમિયાન ફરાળી ખાદ્ય સામગ્રીની ચેકીંગ ઝૂંબેશ કડક રીતે ચાલુ રાખવા મ્યુનિ.કમિશનર તુષાર સુમેરાની સુચનાથી આરોગ્ય અધિકારી ડો.જયેશ વાંકાણીએ ફૂડ શાખાને આદેશ આપ્યો છે.

શ્રાવણ માસ નિમિતે ફરાળી ખાદ્યચીજોનું વ્યાપક પ્રમાણમાં વેચાણ થતું હોય રાજકોટ મહાનગર પાલિકાના ફૂડ વિભાગ દ્વારા શહેરમાં ફરાળી પેટીસ તેમજ અન્ય ફરાળી ખાદ્યચીજોનું વેચાણ કરતાં એકમોનું તેમજ તેમાં વપરાશમાં લેવાતી સ્ટાર્ચ-ફરાળી તેમજ ફરાળી રો-મટિરિયલ વપરાશ થાય તે સુનિશ્ચિત કરવા બાબતે ચેકિંગ શરૂ કરવામા આવ્યુ છે.

ફરસાણ, ડેરી સહિત ફરાળી પેટિસની ૧૩ દુકાન ઉપરાંત અન્ય ખાણીપીણીના વેપારીઓ સહિત કુલ મળી ૭૭ પેઢીની તપાસ કરવામાં આવી હતી. એ દરમિયાન કુલ મળી અંદાજિત ૯૮ ઊંલ અખાદ્ય- વાસી જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન કુલ ૦૮ પેઢીને સ્ટોરેજ, લાઈસન્સ, હાઈજેનિક કન્ડિશન બાબતે નોટિસ આપવામાં આવેલ તેમજ કૂલ મળી રૂ.૧૦,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવેલ દરમિયાન ખાણીપીણીના અન્ય ધંધાર્થીઓમાં પેશુંમલ



ચેલારામ કંપની, શ્રી ખોડિયાર ડેરી ફાર્મ, ઝેડ-૧ મદ્રાસ કાફે, ટાઈની ટેસલ એન્ટરપ્રાઈ(બર્ગર સીંઘ), ટ્રીટસ ઈટસ, જય સોમનાથ ફૂડ ઝોન, શ્રી રાધે ડેરી ફાર્મ, એન્જલ ચાઈનીઝ એન્ડ પંજાબી, શિવ કાફે, વિકફૂડ પ્રા.લી., વેરાઈ પરોઠા હાઉસ, દરબાર ડાઈનીંગ હોલ સહિતના સ્થળેથી વિવિધ ખાદ્યસામગ્રીના નમુના લઈને લેબોરેટરીમાં મોકલી અપાયા છે.

ફરાળી લોટમાં રાજગરો, સામો, મોળિયો હોય છે. તેની એક કિલોની કિંમત રૂ.૧૦૦ આસપાસ છે. જયારે ફરાળી લોટમાં ભેળસેળ થતી હોય તેવી જણસીમાં ઘંઉ, મકાઈનો લોટ વધુ પડતો મિશ્રણ કરી દેવામા આવે છે. ઘંઉ અને મકાઈના એક કિલો લોટની કિંમત રૂ.૨૦ થી ૨૫ જ હોય છે. આમ સસ્તા ભાવના લોટની ભેળસેળ ફરાળી લોટમાં કરવામા આવે છે.

પેટીસ વેચતા આટલા ધંધાર્થીઓ જેમા લાલા રઘુવંશી ફરાળી પેટીસેં કોઠારીયા રોડ, ન્યારા પેટ્રોલ પંપ પાસે. માનવ ધર્મ આશ્રમ સામેથી ૩ કિલો લોટ નાશ., ૩ કિલો ફરાળી ચિપ્સનો નાશ કરવામાં આવ્યો હતો.

જય જલારામ ફરાળી પેટીસેં માનવ ધર્મ આશ્રમ પાસે, કોઠારીયા રોડ ૪ કિલો પેટીસ તથા ૨ કિલો લોટનો નાશ કરેલ. જય રામનાથ પેટીસ, ચિપ્સ લક્ષ્મીવાડી મેઈન રોડ, લાઈસન્સ બાબતે નોટિસ આપેલ તથા ૨ કિલો પેટીસ તથા ૧ કલો લોટનો નાશ કરેલ.જયારે પેશુંમલ ચેલરામ એન્ડ કંપની પરાબજાર દાણાપીઠ, પેઢીમાંથી ૨ સેમ્પલ લેવામાં આવેલ. (૧)વાસ્તુ બ્રાન્ડ એગમાર્ક ગાયનું ઘી (૫૦૦ એમ.એલ?) (૨) સુકુન બ્રાન્ડ ગાયનું ઘી (૫૦૦ એમ.એલ.) શ્રી ખોડીયાર ડેરી ફાર્મે યુનિવર્સિટી રોડ, પંચાયત ચોક પાસે, રાજકોટ. પેઢીમાંથી ૨ સેમ્પલ લેવામાં આવેલ. (૧)પનીર (લુઝ) (૨)શુદ્ધ ઘી (લુઝ) નાશ કરેલ છે.

## રાજકોટમાં મનપા સંચાલિત શિક્ષણ સમિતિની અંગ્રેજી માધ્યમની ત્રણ શાળાના સંચાલન ફેરફાર સામે રોષઃ વાલીઓ કોર્પો. એડોડયા

### એસ.એન.કે. ગ્રુપના બદલે અન્યને સોંપવા હિલચાલ : અભ્યાસમાં ખલેલ પડવાની ચિંતા સાથે રજુઆત



રાજકોટ,

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન હેઠળની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની ત્રણ અંગ્રેજી માધ્યમ શાળા એસ.એન.કે. સ્કુલ ગ્રુપ સંભાળી રહી છે ત્યારે આ સંચાલનમાં ફેરફાર કરવાની હિલચાલ થતા વાલીઓ મહાપાલિકાએ દોડી આવ્યા હતા.

શિક્ષણ સમિતિ અને ડે.મેયર સહિતના પદાધિકારીઓને સંબોધીને તેઓએ આવેદનપત્ર પાઠવ્યું છે. આ રજુઆતમાં વાલીઓએ જણાવ્યું છે કે, કવિ શ્રી નર્મદ, રવિન્દ્રનાથ ટાગોર અને ડો.હોમી જહાંગીર ભાભા ઈંગ્લીશ મીડીયમ સ્કુલનું સંચાલન જે.એચ.પી. એજ્યુકેશન ફાઉન્ડેશન (એસ.એન.કે. સ્કુલ ગ્રુપ) દ્વારા કરવામાં આવતા શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણ, શિસ્તબધ્ધ વાતાવરણ, નિયમિત શૈક્ષણિક પ્રવૃતિ, છાત્રોના સર્વાંગી વિકાસ, વાલીઓ સાથે સુમેળપૂર્ણ વ્યવસ્થા ઉભી થઇ છે.

પરિણામમાં પણ સુધારો થતા વાલીઓનો વિશ્વાસ વધ્યો છે. હવે હાલ શાળાના સંચાલનમાં ફેરફાર થવાની ચર્ચા જાગતા હજારો વાલીઓમાં ચિંતાની લાગણી સર્જાઇ છે. શિક્ષણ સત્ર દરમ્યાન આવા ફેરફારો વિદ્યાર્થીઓના અભ્યાસમાં વિક્ષેપ ઉભો કરી શકે છે.

આથી આ ત્રણે શાળાઓનું સંચાલન એસ.એન.કે. ગ્રુપ પાસે જ રાખવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. શિક્ષણ સમિતિના છાત્રોનું હિત ધ્યાને રાખી શિક્ષણ સમિતિના ચેરમેન, કમિશ્નર સહિતના જવાબદારોને આ આવેદનપત્ર આજે પાઠવવામાં આવ્યું હતું.

# રાજકોટના કુવાડવા નજીક પીજીવીસીએલના ત્રણ ટીસીમાંથી તસ્કરો કોપરની ચોરી જતાં વિજ પુરવઠો ખોરવાયો

## બિલેશ્વર જંક્શન હેઠળના ટીસીમાંથી રૂ. ૭૫ હજારના મુદામાલની ચોરી થતાં પોલીસમાં ફરિયાદ

રાજકોટ,

રાજકોટના કુવાડવા નજીક પીજીવીસીએલના બિલેશ્વર જંક્શન નજીક ત્રણ ટીસીમાંથી તસ્કરો કોપર સહિતનો પોણા લાખની મતા ચોરી ગયા હતા. તસ્કરોએ ચોરીને અંજામ આપ્યા બાદ વિજ પાવર ખોરવાતા ચોરીની જાણ થઈ હતી.

જે મામલે પીજીવીસીએલના નાયબ ઈજનેરે કુવાડવા પોલીસ મથકમાં ફરિયાદ આપતાં પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. બનાવ અંગે પીજીવીસીએલની કુવાડવા પેટા વિભાગીય કચેરીમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા ચિરાગસિંહ નરશીભાઈ કાપડીયા(ઉવ ૪૧)એ કુવાડવા પોલીસ મથકમાં ફરિયાદમાં જણાવ્યું હતું કે, કુવાડવા પેટા વિભાગીય કચેરીમાં કુલ ૩૧ ગામડાઓ આવે છે. જેમાં પીજીવીસીએલને લગત વહીવટી સંચાલન અને નિયમનને લગત કામગીરી પર દેખરેખ રાખવાની જવાબદારી તેઓની છે. ગઈ તા.૧૨ ના રોજ સાંજના છ વાગ્યે બિલેશ્વર જંકશનની પાસે આવતા ગામડાઓમાંથી ફરિયાદ આવેલ કે ત્યાં કોઈને વીજ પાવર આવતો નથી. જેથી લાઈનમેન વી.કે. અગ્રાવતનાને સ્થળ પર પ્રોબ્લેમ રિસોલ્વ કરવા માટે મોકલી આપેલ હતા. બાદમાં વી.કે.અગ્રાવતનાનો રાત્રીના ફોન આવેલ કે આપણી કુવાડવા પેટા વિભાગીય કચેરી હેઠળ આવતા વિસ્તાર પૈકી બિલેશ્વર જંકશન પાસે હડમતીયા રાજગઢ રોડ, હડમતીયા ગામ પાસેથી ત્રણ નંગ ૫ કેવીએ ટી.સી. નો આંતરિક મુદ્દામાલ ટી.સી.બોડીમાંથી ચોરાઈ ગયેલ છે અને સ્થાનિકોના જણાવ્યા અનુસાર રાત્રિના એક વાગ્યાથી વીજ પાવર જતો રહેલ છે.

ફરીયાદી ગઈકાલે સવારે બનાવ સ્થળે જઈને જોતા કોપરનો વાયર અને કોર(જેના પર કોપરનો વાયર વિંટેલ હોય તે)ની ચોરી થયેલનુ જોવામાં આવેલ હતું. જે ત્રણેય પોલ પરના ટી.સી.ના આંતરિક મુદ્દામાલની આશરે કિંમત ૭૫ હજાર રૂપિયાની ચોરી કરી થઈ ગઈ હોય નાયબ ઈજનેરે ફરિયાદ આપતાં કુવાડવા પોલીસે ગુનો નોંધી તસ્કરની શોધખોળ આદરી હતી.

# ગોંડલના ભુણાવા પાસે ફેકટરીમાં નકલી જંતુનાશક દવાનો જથ્થો પકડાયોઃ બે સંચાલકો સામે ગુન્હો નોંધાયો

રાજકોટ,

ગોંડલના ભુણાવા ગામ પાસે ફેકટરીમાં નકલી જંતુનાશક દવાનો જથ્થો બનાવનાર બે સંચાલકો સામે પોલીસમાં ફરીયાદ થઈ છે.

મળતી વિગતો મુજબ કૌશીકભાઇ પરષોત્તમભાઇ ઠુંમ્મર ઉ.વ.૫૦ ધંધો-એફીલ કોપકેરના માલીક રહે. રાજકોટ બાલાજી હોલ બિલીપત્ર એપાર્ટમેન્ટ,એ-૫૦૧,આરોપી સનીતભાઇ ભરતભાઇ વરસાડીયા રહે જસાપર ગામ ધારેશ્વર શો રૂમની પાછળ, અને સ્મીત ગીરધરભાઇ લીલા રહે.ચરખડી તા.ગોંડલ તથા તપાસમાં ખુલ્લે તે સામે ગોંડલ તાલુકા પોલીસમાં ફરીયાદ કરી છે.

આરોપીઓએ પોતાના માલીકીની ભુણાવાગામ સ્થિત મેટલ એગ્રી કહેનારની હાય સીમા કુરક ની કલમ ૩૧૮૮૪) ૫૪ તથા કોપીરાઇટસ ઈન્ડસ્ટ્રીજ નામની કંપનીમાં ફરીયાદીની કંપની બોટલ નંગ-૨૬ જેની કિ.રૂ.૧૨,૪૮૦/- એમ ફૂલ મળી બોટલ નંગ-૪૧ જેની કિ.રૂ.૨૫,૬૮૦/-ની ડુપ્લીકેટ દવાઓ પોતાની માલીકીની કંપનીમા મિશ્રણ કરી વેચાણ અર્થે રાખી, જંતુનાશક દવાઓ ઉપર ખેડૂતો કે જે કંપની ઉપર વિશ્વાસ રાખતા હોય, મજકુર આરોપીઓએ કંપનીની જાણ બહાર કંપનીને આર્થીક નુકશાન કરી તેમજ ખેડુતો તથા કંપની સાથે છેતરપિંડી કરી ગુનો કરતી જામકંડોરણા જી. રાજકોટ તથા (૨) સ્મીત ગીરધરભાઇ લીલા રહે.ચરખડી તા.ગોંડલ તથા તપાસમાં ખુલ્લે તે સામે ગોંડલ સીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરી છે.

ફરીયાદની વિગત મુજબ ભુણાવા સ્થિત આરોપીઓએ પોતાના માલીકીની મેટલ એગ્રી ઈન્ડસ્ટ્રીજ નામની કંપનીમાં ફરીયાદીની કંપનીની દવા બોટલ નંગ-૨૬ જેની કિ.રૂ.૧૨,૪૮૦/- એમ કૂલ મળી બોટલ નંગ-૪૧ જેની કિ.રૂ.૨૫,૬૮૦/-ની ડુપ્લીકેટ દવાઓ પોતાની માલીકીની કંપનીમાં મિશ્રણ કરી વેચાણ અર્થે રાખી, જંતુનાશક દવાઓ ઉપર ખેડુતો કે જે કંપની ઉપર વિશ્વાસ રાખતા હોય, મજકુર આરોપીઓએ કંપનીની જાણ બહાર કંપનીને આર્થીક નુકશાન કરી, તેમજ ખેડુતો તથા કંપની સાથે છેતરપિંડી કરી હતી. આ ફરીયાદ અન્વયે ગોંડલ તાલુકા પોલીસે ગુન્હો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# રાજકોટ કોર્પો. નું જાહેરનામુંઃ શ્રાવણ માસના સોમવાર અને જન્માષ્ટમીએ કતલખાના બંધ રાખવા

રાજકોટ,

શ્રાવણ માસ શરૂ થઈ ચૂકયો છે ત્યારે આ મહિનાના તમામ પવિત્ર સોમવાર અને જન્માષ્ટમીએ કતલખાનાઓ બંધ રાખવા કોર્પો.એ ફરી જાહેરનામું બહાર પાડયું છે. જોકે દર વખતની જેમ આ જાહેરનામું માત્ર સરકારી રેકર્ડ મુજબનું રહેશે કે ખરેખર તેનો અમલ થશે તે સવાલ રહેલો છે.

આગામી તા.૧૭-૮, ૨૪-૮, ૩૧-૮, તા.૭-૯ના રોજ શ્રાવણ માસના સોમવાર નિમિત્તે તથા તા. ૪-૯ના રોજ જન્માષ્ટમી નિમિત્તે રાજકોટ મહાનગરપાલિકાના વિસ્તારમાં આવેલ તમામ પ્રકારના કતલખાનાઓ બંધ રાખવા તેમજ માંસ, મટન, મચ્છી અને ચીકનનું વેંચાણ કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ જાહેરનામાની અમલવારી ચુસ્તપણે કરવા અને જાહેરનામાનો ભંગ કરનાર સામે ધી જી.પી.એમ.સી. એકટ-૧૯૪૯ની કલમ ૩૨૯ અને ૩૩૬ તથા મહાનગરપાલિકાના બાયલોઝ અન્વયે ધોરણસરની કાર્યવાહી કવરામાં આવશે જેની સંબંધકર્તા સર્વેએ ગંભીર નોંધ લેવા કમિશ્નર તુષાર સુમેરાએ હુકમમાં જણાવ્યું છે.

# રાજકોટના લાપાસરી રોડ પર મહિલા લેબ આસીસ્ટન્ટનો ડમ્પર નીચે પગ કચડાયો : ગંભીર ઇજા

રાજકોટ,

રાજકોટ કોઠારીયા રોડ પર વિનોદનગરમાં રહેતા અને આયુર્વેદીક કોલેજમાં લેબ આસીસ્ટન્ટ તરીકે નોકરી કરતા પ્રિતીબેન ગોવિંદભાઈ જોગડા (ઉ.વ.૨૫) અને તેના સહકર્મી પાયલબેન ચાવડાને એકટીવા સહિત ડમ્પરના ચાલકે હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ડમ્પરનું ટાયર પગ ઉપર ફરી વળતા પ્રિતીબેનને ગંભીર ઈજા થતા આજીડેમ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ છે.

કાળીપાટ ગામે આવેલી બી. જી. ગરૈયા આયુર્વેદિક કોલેજ અને હોસ્પિટલમાં લેબ આસીસ્ટન્ટ તરીકે નોકરી કરતા પ્રીતીબેન જોગડા (ઉ.વ.૨૫) એ ફરીયાદમાં જણાવ્યું કે, તે ગઈ તા. ૧૧નાં નોકરી પુરી કરી સહકર્મચારી પાયલબેન ચાવડાના એકટીવા પાછળ બેસી ઘરે પરત આવવા રવાના થયા હતા તે લાપાસરી ગામ થઈ ખોડીયાર ગૌશાળા પાસે પહોંચતા આગળ નિકળેલા ઘેટા-બકરાના કારણે ચાલક પાયલબેને એકટીવા ધીમુ પાડયું હતું.આ સમયે પુરપાટ વેગે ધસી આવેલા ડમ્પર ચાલકે તેને પાછળથી હડફેટે લેતા બેન ફંગોળાઈને પડી ગયા હતા. જેમાં ડમ્પરનું આગળનું ટાયર તેના પગ ઉપર ફરી વળતા પગ કચડાઇ ગયો હતો. જયારે પાયલબેનને ઈજા થતા બંનેને ૧૦૮ મારફતે સિવિલ બાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.બીજી તરફ અકસ્માત બાદ ચાલક ડમ્પર રેઢું મુકી ત્યાંનથી ભાગી ગયો હતો. આજીડેમ પોલીસ મથકના હેડ કોન્સ. હેમંતભાઈ ધરજીયાએ આ અંગે ગુનો દાખલ કરી ડમ્પર ચાલકની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# રાજકોટમાં જન્મ દિવસના આગલા દિવસે જ પુત્રની હત્યા કરી પિતા પોલીસમાં સરન્ડર થયો

## વૃધ્ધ પિતાને સુધારવાની કોશિષ કરતા પુત્ર સાથે બગડેલ બાપે ઝઘડો કરી હથોડાના ઘા ઝીંકી હત્યા કરી હતી





રાજકોટ,
રાજકોટમાં આહિર ચોક પાસે આવેલા નહેરૂનગરમાં ચોરી ચપાટી કરતા વૃધ્ધ પિતાને સુધારવાની કોશિષ કરતા પુત્ર સાથે બગડેલ બાપે ઝઘડો કરી હથોડાના ઘા ઝીંકી હત્યા કરી હતી. પુત્રના જન્મદિવસના આગલા દિવસે જ પિતાએ મોતને ઘાટ ઉતારતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઇ જવા પામી હતી. પુત્રની હત્યા કરી પિતા સામે ચાલીને પોલીસમાં સરન્ડર થઇ ગયો હતો. પોલીસે પુત્રના હત્યારા શખ્સના રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં આહિર ચોક પાસે આવેલ ન્યુ નહેરૂનગર શેરી નં.૭માં રહેતા રામ બાબુભાઇ સવસેટા નામનો ૩૩ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો. ત્યારે તેના પિતા બાબુભાઇ રઘાભાઇ સવસેટા (ઉ.વ.૬૫)એ ઝઘડો કરી હથોડાના ઘા ઝીંકી મોતની ઘાટ ઉતાર્યો હતો. પુત્રની હત્યા કરી હત્યારો બાબુ સવસેટા ભક્તિનગર પોલીસ મથકમાં સરન્ડર થયો હતો અને પોલીસ સમક્ષ મે પુત્રને હથોડાના ઘા ઝીંકી દીધા હોવાની કબુલાત આપતા ભક્તિનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે ઘટના સ્થળે તપાસ કરતા રામ સવસેટાનું લોહીમાં ખદબદતો મૃતદેહ મળી આવ્યો હતો. હત્યાની ઘટનાની જાણ થતા સ્થાનિક લોકો એકઠા થઇ ગયા હતા અને ઉચ્ચ અધિકારીઓ પણ ઘટના સ્થળે દોડી ગયા હતા. પોલીસે ઘટના સ્થળે જરૂરી કાગળો કરી યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો.

આ અંગે મૃતક રામ સવસેટાની માતા હંસાબેન બાબુભાઇ સવસેટાએ ભક્તિનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, હત્યાનો ભગો બનનાર રામ સવસેટા તેના માતા-પિતાનો એકલોતો પુત્ર હતો અને તેને ત્રણ બહેનો છે. સૌથી મોટી બહેન મીરાબેન પડધરીના થોરીયાળી, નાની પુત્રી ક્રિષ્નાબેન મોરબી રોડ પર ખોડિયાર પાર્કમાં અને ત્રીજી પુત્રી રાધાબેન મોરબી રોડ પર સીલ્વર પાર્કમાં રહે છે. રાધાબેને તેનો પતિ મુકીને જતો રહ્યો છે. અઢી મહિના પહેલા જ રાધાબેનનો પગ ભાંગી જતા ઓપરેશન કરાવી પગમાં સળીયો નખાવ્યો પડ્યો હતો. જેથી માતા હંસાબેન એકાદ મહિનાથી પુત્રી રાધાબેનના ઘરે રહેવા ગયા હતા.

જેના કારણે નહેરૂનગરમાં તેના પતિ બાબુ સવસેટા અને પુત્ર રામ સવસેટા બંન્ને રહેતા હતા. પતિ બાબુ સવસેટા સાવ હલકટ અને વ્યભીચારી છે. અવાર નવાર ચોરી ચપાટી કરતો હતો. પતિ બાબુ સવસેટાને સુધરી જવા માટે પુત્ર રામ સવસેટા અવાર નવાર સમજાવતો હતો. જેના કારણે પિતા-પુત્ર વચ્ચે અવાર નવાર ઝઘડા થતા હતા અને બાબુ સવસેટા સુધવાના બદલે હુ મારા બાપનું માન્યો નથી તો પછી મારા છોકરાનુ શુ માનુ તેમ કહી પુત્ર રામ સવસેટા સાથે ઝઘડા કરતો હતો. ગઇકાલે પિતા પુત્ર વચ્ચે ઝઘડો થતા બાબુ સવસેટાએ પુત્ર રામ સવસેટાને માથાના ભાગે પાંચેક હથોડાના ઘા ઝીંકી હત્યા કરી નાખી હોવાનું જણાવ્યુ હતું. પોલીસે મૃતક રામ સવસેટાની માતાની ફરિયાદના આધારે તપાસનો દોર લંબાવ્યો છે.

ન્યુ નહેરૂનગરમાં ચોરી ચપાટી કરતા વૃધ્ધ પિતાને સુધારવાની કોશિષ કરતા પુત્ર સાથે પિતા અવાર નવાર ઝઘડા કરી પુત્રને માર મારવા હથિયારો ભેગા કરતો હતો. જન્મદિવસના આગલા દિવસે જ રામ સવસેટા સાથે પિતા બાબુ સવસેટાએ ઝઘડો કરી હથોડાના ઘા ઝીંકી ખુની ખેલ ખેલ્યો હતો. જન્મદિવસના આગલા દિવસે જ પિતા જમ બન્યો હોય તેમ પુત્રની કરપીણ હત્યા કરી હોવાનું સામે આવ્યુ છે. પુત્ર જન્મદિવસની ઉજવણી કરે તે પહેલા જ પિતાના હાથે મોતના મુખમાં ધકેલાતા પરિવારમાં કલ્પાંત સર્જાયો છે.

પિતા-પુત્રના સંબધને કલંકીત કરતી ઘટનામાં પિતાએ જ પુત્રને હથોડાના ઘા ઝીંકી હત્યા કર્યાની ઘટનાથી ચકચાર મચી જવા પામી છે. મૃતક રામ સવસેટા ત્રણ બહેનોનો એકનો એક ભાઇ અને અપરિણીત હતો. રક્ષાબંધનના તહેવાર પૂર્વે જ પિતાએ એકના એક પુત્રને મોતને ઘાટ ઉતારતા ત્રણ બહેનોએ રાખડીનો બાંધનાર એકનો એક ભાઇ ગુમાવતા કલ્પાંત સર્જાયો છે.

હત્યારો પતિ બાબુ સવસેટા ચોરી ચપાટી કરતો હતો. જેના કારણે પુત્ર રામ સવસેટા અવાર નવાર સમજાવતો હતો. જે અંગે બાબુ સવસેટાને સારુ નહીં લાગતા પુત્રાને માર મારવા લોખંડના પાઇપ, કુહાડા અને હથોડા જેવા હથિયારો મકાનમાં ભેગા કર્યા હતા. જે હથિયારો હંસાબેન સંતાડી દેતા હોવાનો મૃતક યુવકની માતાએ નોંધાવેલી ફરિયાદમાં ચોંકાવનારો ખુલાસો થયો થતાં પોલીસ પણ ચોંકી ઉઠી હતી

# રાજકોટના અમુલ સર્કલ નજીકથી કુખ્યાત શખ્સ પીસ્તોલ સાથે ઝડપાયો




રાજકોટ.
રાજકોટના અમુલ સર્કલ નજીકથી કુખ્યાત જુબેર સમાને પીસ્તોલ સાથે ક્રાઈમ બ્રાન્ચની ટીમે દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી. જિલ્લા ગાર્ડન પાસે કુખ્યાત અબુ સાથે થયેલ માથાકૂટ બાદ હથિયાર સ્વ બચાવ માટે રાખ્યું હોવાની કબૂલાત આપી હતી.

શહેર વિસ્તારમાં અગાઉ ગેરકાયદેસર હથીયારોના કેસમાં પકડાયેલ આરોપીઓને ચેક કરી તેઓ પાસે ગેરકાયદેસર હથીયાર મળી આવ્યેથી કાયદેસરની કાર્યવાહી કરવાની શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય મંડલીક, ડીસીપી (ક્રાઇમ) જગદીશ બાંગરવા, એસીપી (ક્રાઇમ) ભરત બસીયાએ આપેલ સુચનાથી ક્રાઈમ બ્રાન્ચ એએસઆઇ મહેશભાઈ સોલંકી, કોન્સ્ટેબલ ધર્મરાજસિંહ રાણા, નિકુંજભાઇ મારવીયાને ખાનગીરાહે મળેલ ચોક્કસ હકીકતના આધારે અમુલ સર્કલ નજીક ખાતેથી આરોપી જુબેર બસીર સમા (ઉ.વ.૨૭, રહે-દુધ સાગર રોડ હાઉસિંગ બોર્ડ ક્વાર્ટર અમન પાનની સામે ક્વાર્ટર નં-૧૨૬૩)ને ગેરકાયદેસર પીસ્ટલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલ જુબેરને થોડા સમય પહેલા જ જિલ્લા ગાર્ડન પાસે કુખ્યાત અબુ સાથે માથાકૂટ થઈ હતી. જેથી સ્વ બચાવ માટે પોતે રાજકોટના જ શખ્સ પાસેથી હથિયાર મેળવવાની કબુલાત આપી હતી. હાલ આરોપીના રિમાન્ડ મેળવવા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, પકડાઈ શખ્સ વિરુદ્ધ અલગ અલગ પોલીસ મથકમાં ૧૫ થી વધુ ગંભીર પ્રકારના ગુના નોંધાયેલ હોવાનું પણ સામે આવ્યું છે.

# રાજકોટના શાપર-વેરાવળમાં સાઢુની હત્યા કરનાર આરોપી ગણતરીની કલાકોમાં પકડાયો

## સાઢુએ સાઢુ ભાઈને માર મારી ધક્કો મારી છત પરથી નીચે ફેંકી દીધો હતો



રાજકોટ,
રાજકોટ જિલ્લાના શાપર (વેરાવળ) ખાતે સગા સાઢુની હત્યાનો ભેદ ઉકેલાઈ ગયો છે. પોલીસે ગણતરીના કલાકોમાં આરોપી અમરેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ (ઉંમર ૩૬) ને ઝડપી પાડ્યો છે. આ ઘટનામાં ૩૪ વર્ષીય બ્રીજ વિહારીસીંગ ધ્રુપનારાયણ સિંહનું મોત નીપજ્યું હતું.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ ઘટના ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સવારે બની હતી. આરોપી અમરેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ પોતાના પુત્ર રિતેશસિંહને માર મારી રહ્યો હતો. રિતેશસિંહ ફરિયાદી સજુબેનની ઓરડીમાં જતા, આરોપી તેને લેવા ત્યાં પહોંચ્યો હતો. ફરિયાદીએ રિતેશસિંહને આપવાની ના પાડતા, આરોપીએ બોલાચાલી કરી ફરિયાદીને ધક્કો મારી નીચે પાડી દીધી હતી, જેના કારણે તેમને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી.

આ દરમિયાન આરોપીએ ઈજાગ્રસ્ત સાક્ષી બ્રીજવિહારીસીંગ ધ્રુપનારાયણસિંહ (ઉંમર ૩૪) સાથે પણ મારામારી કરી તેમને છત પરથી નીચે ફેંકી મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો. બ્રીજવિહારીસીંગને માથામાં ગંભીર ઈજા થતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ૧૨ ઓગસ્ટના રોજ સવારે ૧૦ વાગ્યે તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જેથી અગાઉ નોંધાયેલા ગુનામાં ઈગજ કલમ ૧૦૩(૧) હેઠળ હત્યાની કલમનો ઉમેરો કરવામાં આવ્યો હતો. મૃતક અને આરોપીની પત્નીઓ બહેનો થતી હોવાથી તેઓ સગા સાઢુભાઈ હતા.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાજકોટ રેન્જના ડીઆઈજી નિર્લિપ્ત રાય, રાજકોટ ગ્રામ્ય પોલીસ વડા વિજયસિંહ ગુર્જર અને ગોંડલ ડિવિઝનના ડીવાયએસપી કે.જી. ઝાલાની સૂચનાથી શાપર વેરાવળ પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર આર.બી. રાણાએ સર્વેલન્સ સ્ટાફ અને અલગ-અલગ ટીમો બનાવીઆરોપીની શોધખોળ શરૂ કરી હતી.ટેકનિકલ સોર્સના આધારે પોલીસે શાપર વેરાવળ વિસ્તારમાંથી આરોપી અમરેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ (ઉંમર ૩૬, ધંધો વેપાર) ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આ કામગીરી પીઆઈ આર.બી. રાણા સહિત સ્ટાફે કરી હતી.

# રાજકોટ ભાવનગર હાઇવે કાળીપાટ પાસે હિટ એન્ડ રનમાં ટ્રક અડફેટે બાઇક ચાલક યુવકનું મોત



હિટ એન્ડ રનની ઘટનામાં ઘવાયેલા યુવકના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

રાજકોટ,
રાજકોટ ભાવનગર હાઇવે જાણે ગોઝારો બન્યો હોય તેમ અવાર નવાર જીવલેણ અકસ્માત સર્જાતા હોવાની અનેક ઘટના પ્રકાશ આવી છે. ત્યારે વધુ એક બનાવમાં રાજકોટના લોઠડા ગામે રહેતો યુવાન રાત્રીના પોતાનુ બાઇક લઇ આંટો મારવા નીકળ્યો હતો. તે દરમિયાન કાળીપાટ પાસે અજાણયા ટ્રક ચાલકે બાઇકને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટ નજીક આવેલા લોઠડા ગામે રહેતો રાકેશ ઉર્ફે રાહુલ વિઠ્ઠલભાઇ સરીયા નામનો ૨૭ વર્ષનો યુવાન રાત્રીના સવા નવેક વાગ્યાના અરસામા પોતાનું બાઇક લઇ કાળીપાટ પાસેથી પસાર થઇ રહ્યો હતો. તે દરમિયાન પૂર પાટ ઝડપે ધસી આવેલા ટ્રક ચાલકે બાઇકને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જી ટ્રક ચાલક નાશી છૂટ્યો હતો. હિટ એન્ડ રનની ઘટનામાં ઘવાયેલા યુવકને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જયા તેનુ મોત નીપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક યુવાન બે ભાઇ એક બહેનમાં નાનો અને અપરિણીત હતો. મૃતક યુવાન કારખાનામાં કામ કરી પરિવારને આર્થિક મદદ કરતો હતો. યુવાન રાત્રીના સમયે ઘરેથી બાઇક લઇ આંટો મારવા નીકળ્યો હતો. ત્યારે જીવલેણ અકસ્માત સર્જાયો હોવાનુ જાણવા મળ્યુ છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના કોરાટ ચોક પાસે બનેવી પર સાળાનો ધોકાથી હુમલો

રાજકોટ,
કોરાટ ચોક નજીક કલ્પોવન એપાર્ટમેન્ટોમાં રહેતાં ચિરાગ વલ્લભભાઇ ઘોડાસરા (ઉ.વ.૨૯) ને સાંજે આઠેક વાગ્યે નીકાવાના પીપર ગામેથી આવેલા તેના સાળા જયેશ વાલજીભાઇ રાખશીયા અને સાળાના કાકાના દિકરા અનુરાગે મળી ધોકાથી માર મારતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં પોલીસને જાણ કરી છે.

ચિરાગ ઘોડાસરાએ કહ્યું હતું કે હું ટ્રાન્સપોર્ટમાં નોકરી કરુ છું અને બે ભાઇમાં મોટો છું. મારી પત્નિ નું નામ દક્ષા છે. મારા સાળા જયેશભાઇ પીપર ગામે રહે છે. તેને તેની પત્નિ સાથે માથાકુટ થતાં તેની પત્નિ અમારા ઘરે રોકાવા આવી હતી. સાંજે હું મારા પત્નિ દક્ષાને દવા લેવા લઇ ગયો ત્યા રે પાછળથી સાળા જયેશભાઇ તેના ભાઇ અનુરાગ સાથે આવી તેની પત્નિ કાજલબેન સાથે માથાકુટ કરતાં હોઇ અમને ફોનથી કાજલબેને જાણ કરતાં અમે પરત આવી સાળાને માથાકુટ નહિ કરવા સમજાવતાં મારા પર બંનેએ મળી હુમલો કર્યો હતો. શાપર પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે.

# રાજકોટના કુવાડવામાં જમીન-મકાનના ધંધાર્થીનો પૈસાની લેતી-દેતીમાં એસિડ પી આપઘાતનો પ્રયાસ

## એસિડ પી આપઘાતનો પ્રયાસ કરનાર યુવકને ઝેરી અસર થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો



રાજકોટ,
રાજકોટ નજીક આવેલા કુવાડવામાં રહેતા જમીન મકાનના ધંધાર્થીએ પૈસાની લેતી દેતીમાં એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવ્યો છે.

રાજકોટમાં પ્લોટના સોદાના નાણા નહીં મળતા યુવાને પગલું ભર્યુ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટના કુવાડવા ગામે રહેતા ભરતભાઇ દુલાભાઇ ગઢવી નામના ૩૦ વર્ષનો યુવાન સવારના અગીયારેક વાગ્યાના અરસામા પોતાના ઘરે હતો. ત્યારે એસિડ પી લીધુ હતું. યુવકને ઝેરી અસર થતા તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં આપઘાતનો પ્રયાસ કરનાર ભરત ગઢવી તેના માતા-પિતાનો આધાર સ્થંભ એકનો એક પુત્ર છે અને તેને ચાર મહિનાની એક પુત્રી છે. ભરત ગઢવી જમીન મકાનનો ધંધો કરે છે. ભરત ગઢવીએ રાજકોટમાં યુનિવર્સિટી રોડ પર આવેલા પ્લોટનો સોદો કર્યો હતો. જેના પ્રતિક પટેલ પાસેથી લેવાના નીકળતા રૂા.૧૫ થી ૧૭ લાખ નહીં મળતા ભરત ગઢવીએ એસિડ પી લીધુ હોવાનું જાણવા મળ્યુ છે. આ બનાવ અંગે કુવાડવા રોડ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના છોટુનગર ઝૂપડપટ્ટી વિસ્તારની સગીરા લાપતા : અપહરણનો ગુનો

રાજકોટ,
રાજકોટ શહેરના એરપોર્ટ રોડ નજીકના છોટુનગર ઝૂપડપટ્ટી વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની કિશોરી ઘરેથી કચરો નાખવા બહાર ગયા બાદ લાપતા બની ગઈ હતી.ગાંધીગ્રામ પોલીસે આ મામલે અપહરણનો ગુનો દાખલ કરી તાપસ શરૂ કરી છે.

રાજકોટના જુના એરપોર્ટ રોડ પર ઝૂપડપટ્ટી પાસે રહેતાં અપહૃત તરૂણીના માતાએ પોલીસને જણાવ્યું કે ગઈ તારીખ ૮ના તે પરિવારજનો સાથે ઘરે હતા ત્યારે તેની ૧૬ વર્ષની પુત્રી ઘરેથી શેરીના ખુણા પાસે કચરો નાખવા માટ ગઈ હતી. પરંતુ કચરો નાંખીને તે પાછી ન આવતાં અને અડધો કલાક વીતી જતાં તેમણે બહાર જઈ શેરીમાં અને આસપાસના વિસ્તારોમાં તપાસ કરી હતી. પરંતુ કયાંય પત્તો લાગ્યા ન હતો.જેથી આ મામલે કામે ગયેલા પતિ સહિતને જાણ કર્યા બાદ પોલીસમાં જાણ કરતા ગાંધીગ્રામ પોલીસ પોલીસ સ્ટેશનના પીએસઆઇ એ. બી. ચાવડા સહિતના સ્ટાફે પીઆઇ એચ. પી. ગઢવીની રાહબરીમાં અપહરણનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.


**પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ**

**વિવિધ એન્જિનિયરીંગ કર્યો**

**ઈ-ટેન્ડર સૂચના સં. 23 વર્ષ 2026-27 તારીખ 13/08/2026**

| ક્ર. | ઈ - ટેન્ડર નં અને કામનું નામ | | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | અર્નેસ્ટ મની (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM-RJT-2026-27-E-51 | કનાલુસ – ભાટેલ – | 72771356.23 | 1455400.00 |
| | TRR(P) – 30.000 Tkm | | | |
| 2 | DRM-RJT-2026-27-E-52 | રાજકોટ મંડળ: લખતર, | 123593686.57 | 2471900.00 |
| | થાન અને મોરબી સ્ટેશનો પર અમૃત સ્ટેશન યોજના અંતર્ગત બાકી રહેલ કામ. | | | |
| 3 | DRM-RJT-2025-26-E-85R1 | રાજકોટ મંડળ: સિક | 2674392.14 | 53500.00 |
| | લાઈન શેડ, ઓખા ખાતે EOT ક્રેનના સંચાલન માટે રેલ તથા અન્ય વ્યવસ્થાઓની જોગવાઈ. | | | |

**ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 07.09.2026 ના 15.00 કલાક **કાર્યાલયનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિ.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ ગુજરાત-360001 **વેબસાઈટ વિગતો:** www.ireps.gov.in
RJT 117
અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



RAJKOT URBAN DEVELOPMENT AUTHORITY
RUDA
SHRI CHIMANBHAI PATEL VIKAS BHAVAN, POST BOX NO.238, JAMNAGAR ROAD, RAJKOT

**: સ્વાતંત્ર્ય દિન હાર્દિક શુભેચ્છાઓ :**

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા) દ્વારા :-

- રિંગ રોડ (ફેઝ-૫) માલીયાસણથી બેડી ગામ સુધીના સૂચિત ૭૫.૦૦મી. રોડના અમલીકરણની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
- મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮૦ (વાજડીગઢ-વેજાગામ), ૮૧ (વેજાગામ) તથા ૮૨ (વેજાગામ) સરકારશ્રી દ્વારા તા.૧૭/૦૬/૨૦૨૬ના રોજ મંજુર કરાયેલ છે.
- સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫૩ (ખોખડદળ), ૫૪ (ખોખડદળ), ૫૫ (ખોખડદળ), ૫૭(ખોખડદળ) એમ કુલ ૪ સૂચિત નગર રચના યોજનાને અધિનિયમની કલમ-૪૨(૧) હેઠળ તા.૧૯/૦૬/૨૦૨૬ના રોજ પ્રસિધ્ધ કરાયેલ છે.
- સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૪(પાળ) તથા ૩૭(પાળ)નો ઈરાદો તા.૦૯/૦૩/૨૦૨૬ તથા યોજના નં.૪૪(પાળ-કંગશીયાળી) તથા ૩૯/૨ (બેડી)નો ઈરાદો તા.૨૭/૦૩/૨૦૨૬ તથા યોજના નં.૪૦/૨ (આણંદપર-સોખડા)નો ઈરાદો તા.૧૧/૦૭/૨૦૨૬ના રોજ જાહેર કરાયેલ છે.
- રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળના પ્રોજેક્ટ મેનેજમેન્ટ શાખા અંતર્ગત આંતર માળખાકીય સુવિધા જેવી કે, રોડ-બ્રીજ, ભુગર્ભ ગટર, પાણી પુરવઠા અને સ્ટ્રીટલાઇટના કુલ કામો મળી રકમ રૂ.૭.૯૪ કરોડના કામો પુર્ણ કરેલ છે તેમજ કુલ રૂ.૩૪૧.૦૦ કરોડના કામો પ્રગતિ હેઠળ છે.
- પી.એમ.એ.વાય. ૨.૦ અંતર્ગત બેનીફિશરી લીડ કન્સ્ટ્રકશન (બી.એલ.સી) યોજના હેઠળ રૂડા વિસ્તારમાં સમાવિષ્ટ કુલ ૪૮ (અડતાલીસ) ગામોમાં કુલ ૫૪૨ આવાસો કુલ રૂ.૨૧૬૮.૦૦ લાખના ખર્ચે મંજુર કરવામાં આવેલ છે. જે માંથી ૬૯ આવાસો પુર્ણ થયેલ છે, જ્યારે ૨૯૬ આવાસો હાલ પ્રગતિ હેઠળ છે.

Sd/-
પી. પી. પટેલ (GAS)
મુખ્ય કારોબારી અધિકારી
રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ
રાજકોટ

Sd/-
તુષાર ડી. સુમેરા (IAS)
અધ્યક્ષ
રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ
રાજકોટ

**Phone:** 0281-2440810, 2476874, 2476799 Fax: 0281-2450523 E-mail: info@rajkotuda.com Website: www.rajkotuda.com


સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

## સંસદ સમક્ષ એક નવો પડકાર

લાંબા સમય પછી, વિપક્ષ, અને ખાસ કરીને કોંગ્રેસ, સફળતાનો અહેસાસ અનુભવે છે. તેમની ઇચ્છા પૂર્ણ થઈ ગઈ છે. ચોમાસુ સત્ર લગભગ ધોવાઈ ગયું હતું, અને સીમાંકન બિલ પણ રજૂ કરવામાં નિષ્ફળ ગયું. ડીએમકેનું વિપક્ષી છાવણીમાંથી બહાર નીકળવું અને કોંગ્રેસ સામે તેનું તીક્ષ્ણ વલણ, શરદ પવાર જૂથનું એનસીપી સામે બદલાતું વલણ અને તૃણમૂલ કોંગ્રેસમાં વિભાજન સહિત અનેક ઘટનાઓએ કોંગ્રેસને ચિંતામાં મૂકી દીધી હતી. આવી સ્થિતિમાં, વિદ્યાર્થી આંદોલન એક આશાસ્પદ પરિણામ સાબિત થયું.

શાસક પક્ષની કેટલીક રણનીતિઓ નિષ્ફળ ગઈ, અને વિપક્ષના ઇરાદાઓ સિદ્ધ થયા. જોકે, વિપક્ષે ધ્યાનમાં લેવું જોઈએ કે આવી અવરોધક યુક્તિઓ લાંબા ગાળાના રાજકીય બાબતોમાં બિનઅસરકારક છે. સીમાંકન એક બંધારણીય જોગવાઈ છે અને અનિવાર્યપણે થશે. કોંગ્રેસ તેને રોકી શકશે નહીં, અને હાલમાં વિપક્ષી છાવણીમાં રહેલા ઘણા પક્ષો પણ તેને ટેકો આપશે. તેથી, કાયમી સફળતા સુનિશ્ચિત કરવા માટે, વિપક્ષે ઘોંઘાટ અને ઘોંઘાટની રાજનીતિથી આગળ વધવું જોઈએ અને ચર્ચાનું રાજકારણ શીખવું જોઈએ અને તેનો અભ્યાસ કરવો જોઈએ જે જનતાને તેની વાર્તા સમજવા દે. વિપક્ષે વ્યૂહાત્મક રીતે સત્રને સ્થગિત કરવાનો નિર્ણય લીધો હતો, છતાં જો શાસક પક્ષે ગૃહ કાર્યરત રહે તે સુનિશ્ચિત કરવા માટે અર્થપૂર્ણ પહેલ કરી હોત, તો તે ચર્ચામાં ભાગ લેવાની શક્યતા વધુ હોત. કટ્ટરવાદને કારણે સમગ્ર સત્રમાં વિક્ષેપ લોકશાહી માટે શુભ નથી. લોકશાહી ત્યારે જ સફળ થાય છે જ્યારે વિપક્ષ અર્થપૂર્ણ મુદ્દાઓ પર સકારાત્મક વિજય મેળવે.

૨૦૧૪ થી, અને વધુ વખત ૨૦૨૪ થી, એવું જોવા મળ્યું છે કે સંસદ સત્ર શરૂ થાય તે પહેલાં જ મુદ્દાઓ ઉભરી આવે છે, જેનો વિરોધ પક્ષો ઉપયોગ કરે છે. જંતર-મંતર પર ઝૅં નો વિરોધ આવો જ એક મુદ્દો હતો. આ પહેલા, ભારત-અમેરિકા વેપાર કરાર પર ખેડૂતોના વિરોધ પ્રદર્શન શરૂ કરવાની તૈયારીઓ ચાલી રહી હતી, જે હકીકતમાં, હજુ સુધી અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું નથી. આવા વિરોધ પાછળના પરિબળો સમજી શકાય તેવા છે. ચોમાસુ સત્ર ખોરવાવાનું શરૂ થયું ત્યારે કોઈને આશ્ચર્ય થયું નહીં, કારણ કે પહેલું અઠવાડિયું પરંપરા બની ગયું છે, જેમાં હોબાળો થયો છે. આ સત્ર થોડું અલગ હતું. પેસીસિમોન બિલ પસાર થવાના ડરથી વિપક્ષે તેને અસ્તિત્વ માટે લડત બનાવી દીધી. સરકારે સંકેત આપ્યો હતો કે તેની પાસે બંધારણીય સુધારા માટે જરૂરી કરતાં વધુ સંખ્યા છે. પરિણામે, વિવિધ મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા અને સત્ર સ્થગિત કરવામાં આવ્યું. મુદ્દાઓ વારંવાર બદલાયા, પરંતુ ધ્યેય એક જ રહ્યોઃ સંસદને સ્થગિત કરવી. જો વાંસ રહેશે, તો વાંસળી નહીં વાગે. કોંગ્રેસ જાણે છે કે સીમાંકન થશે, પરંતુ જો તે હમણાં જ બંધ થઈ જાય, તો તેની પાસે ૨૦૨૯ ની ચૂંટણી સુધી બીજી ચાલ કરવાની તાકાત હશે. જો લોકસભા સભ્યોની સંખ્યા ૫૪૩ થી વધીને ૮૧૬ થાય છે, તો બાકીના અઢી વર્ષ ખૂબ પડકારજનક નહીં હોય. બદલાયેલી સીટ પેટર્ન એક અલગ ચિત્ર રજૂ કરશે, અને ૨૦૨૯ માં હારવાનો અર્થ ૨૦ વર્ષ માટે સત્તાથી બહાર રહેવું પડશે, જે સ્પષ્ટપણે કોંગ્રેસ અને તેના ઘણા નેતાઓ માટે અસ્તિત્વનો પ્રશ્ન હશે. પરંતુ શું કોંગ્રેસને યાદ અપાવવાની જરૂર છે કે તે દેશના મોટા ભાગમાં ૩૦-૪૦ વર્ષથી વધુ સમયથી સત્તાથી બહાર છે? જો બંધારણના કલમ ૮૧ અને ૧૭૦ હેઠળ ૨૦૨૭ ની વસ્તી ગણતરીના આધારે સીમાંકન કરવામાં આવે છે, તો કોંગ્રેસ સંકટનો સામનો કરશે. કોંગ્રેસ હાલમાં હિમાચલ પ્રદેશ સહિત ત્રણ દક્ષિણ રાજ્યોમાં સત્તામાં છે. શું કોંગ્રેસ બંધારણને પડકારશે? કારણ કે આવી સ્થિતિમાં, સપા, આરજેડી અને ઉત્તર ભારતમાં અન્ય પક્ષો સાથે મળીને સીમાંકનને ટેકો આપશે. કોંગ્રેસે સમજવું જોઈએ કે ફક્ત સીમાંકન જ ચૂંટણીમાં જીત કે હાર નક્કી કરી શકતું નથી. જીત માટે સખત મહેનત અને ધીરજની જરૂર છે, અને વર્તમાન કોંગ્રેસ પાર્ટીમાં આ ગુણોનો અભાવ છે.

# શ્રીલંકામાં ધ્રુવ જુરેલ કઠિન કસોટીનો સામનો કરી રહ્યો છે, રાહુલ પાસેથી 'ગુરુ મંત્ર' લે છે

શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણી પહેલા, ભારતીય વિકેટકીપર-બેટ્સમેન ધ્રુવ જુરેલ નેટમાં તેની બેટિંગને સુધારવા પર કામ કરી રહ્યો છે. જુરેલે ગેલની ગરમ પરિસ્થિતિમાં ઝડપી બોલરો અને સ્પિનરો બંને સામે વ્યાપક પ્રેક્ટિસ કરી હતી. તે ફિલ્ડિંગ સત્રોમાં પણ ખૂબ સક્રિય હતો, સ્લિપ કોર્ડનમાં ઘણા શાનદાર કેચ લીધા હતા. જોકે, આ ટેસ્ટ શ્રેણી જુરેલની કારકિર્દી માટે મહત્વપૂર્ણ છે. ગયા ઓક્ટોબરમાં વેસ્ટ ઈન્ડિઝ સામે અમદાવાદ ટેસ્ટમાં શાનદાર સદી ફટકાર્યા બાદ, તેની આગામી સાત ટેસ્ટ ઇનિંગ્સમાં તેનો સ્કોર ૪૪, ૬, ૧૪, ૧૩, ૦, ૨ અને ૧૯ હતો. આ સમયગાળા દરમિયાન, તે પાંચ વખત સ્પિન બોલરોનો શિકાર બન્યો. ગેલમાં પિચ સ્પિન બોલરો માટે મદદરૂપ માનવામાં આવે છે, અને તેથી, જુરેલને વધુ પડકારનો સામનો કરવો પડશે. અનુભવી શ્રીલંકન સ્પિનર પ્રભાત જયસૂર્યા ભારતીય બેટ્સમેન માટે સમસ્યાઓ ઊભી કરી શકે છે.

જુરેલ માટે બીજું દબાણ સરફરાઝ ખાનની હાજરી છે. સરફરાઝ પણ એ જ બેટિંગ ક્રમમાં સ્થાન મેળવવા માટે સ્પર્ધા કરી રહ્યો છે અને સ્પિન સામે શોટની વિશાળ શ્રેણી ધરાવે છે. તે સ્વીપ, રિવર્સ સ્વીપ અને ટ્રેક નીચે આગળ વધવા, તેમજ કટ અને લેટ ડેબ રમે છે.

તેનાથી વિપરીત, જુરેલ સામાન્ય રીતે બોલર સ્પિનરો સામે ભૂલ કરે તેની રાહ જુએ છે



અને તેના જોખમોને ઘટાડવાનો પ્રયાસ કરે છે. આ રણનીતિ ફ્લેટ પિચ પર અસરકારક હોઈ શકે છે, પરંતુ ગેલ જેવી પિચ પર, જ્યાં ટર્ન અને અસમાન બાઉન્સ શક્ય છે, આ અભિગમ તેના માટે સમસ્યાઓ ઊભી કરી શકે છે.

આ કારણોસર, જુરેલે અનુભવી બેટ્સમેન કેએલ રાહુલ સાથે નેટમાં પણ ઘણો સમય વિતાવ્યો. રાહુલ ભારતીય ટીમનો એકમાત્ર બેટ્સમેન છે જેને શ્રીલંકાની પરિસ્થિતિઓમાં ટેસ્ટ ક્રિકેટ રમવાનો અનુભવ છે. તેણે આ પ્રવાસની તૈયારી માટે મુંબઈમાં ખાસ તૈયાર કરેલી માટીની પિચ પર પણ પ્રેક્ટિસ કરી હતી.

ભારતીય બોલિંગ કોચ મોર્ને મોર્કેલે પણ ટીમમાં રાહુલના અનુભવના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે રાહુલે નેટ્સમાં તેના સાથી ખેલાડીઓ સાથે વાતચીત કરવામાં અને તેમને પરિસ્થિતિઓ અને સંભવિત પડકારો વિશે માહિતી આપવામાં ભૂમિકા ભજવવી પડશે.

મોર્કેલે એ પણ સ્પષ્ટ કર્યું કે જુરેલને આખરે મધ્યમાં પોતાની બેટિંગ શૈલી શોધવી પડશે. તેમણે કહ્યું કે ટીમ ૧૦ દિવસ અગાઉ શ્રીલંકા પહોંચી હતી જેથી ખેલાડીઓને પરિસ્થિતિઓ માટે તૈયારી કરવાની પૂરતી તક મળે. જુરેલ માટે સકારાત્મક બાબત એ છે કે તેણે તે જ મેદાન પર શ્રીલંકા છ સામે ભારત છ માટે સદી અને અડધી સદી ફટકારી છે. આ પ્રદર્શન ચોક્કસપણે શ્રીલંકાની પરિસ્થિતિઓમાં બેટિંગ કરવા માટે તેને આત્મવિશ્વાસ આપશે. જોકે, જુરેલની કારકિર્દીમાં આવું પહેલા પણ બન્યું છે. ૨૦૨૪-૨૫ બોર્ડર-ગાવસ્કર ટ્રોફી પહેલા ઓસ્ટ્રેલિયા સામેની પ્રેક્ટિસ મેચમાં તે ઉત્તમ ફોર્મમાં જોવા મળ્યો હતો, પરંતુ પર્થ ટેસ્ટમાં તેનું પ્રદર્શન અપેક્ષાઓ મુજબ નહોતું. હવે જુરેલ પાસે પોતાને સાબિત કરવાની બીજી તક છે. ઋષભ પંત પ્રથમ પસંદગીના વિકેટકીપર-બેટ્સમેન તરીકે હોવાથી, જુરેલને મુખ્યત્વે નિષ્ણાત બેટ્સમેન તરીકે ટીમમાં પોતાનું સ્થાન મજબૂત કરવું પડશે.

## ટીમ ઈન્ડિયાને જયસૂર્યા અને મેન્ડિસના સ્પિન પડકારનો સામનો કરવો પડશે, જેમનો ગેલમાં શાનદાર રેકોર્ડ

બે મેચની ટેસ્ટ શ્રેણી માટે શ્રીલંકાની યજમાની કરી રહેલી ભારતીય ક્રિકેટ ટીમ ૧૫ ઓગસ્ટે ગેલ સ્ટેડિયમ ખાતે પોતાની પહેલી મેચ રમશે. ટીમ ઈન્ડિયાના બેટ્સમેનોએ છેલ્લા કેટલાક વર્ષોમાં ટેસ્ટ ક્રિકેટમાં સ્પિન બોલરો સામે સંઘર્ષ કર્યો છે, અને આ શ્રેણી તેમના માટે સરળ રહેશે નહીં. શ્રીલંકાની ક્રિકેટ ટીમ ભલે ભારત જેટલી મજબૂત ન હોય, પરંતુ તેમનો ઘરઆંગણેનો રેકોર્ડ ખૂબ પ્રભાવશાળી છે. ગાલે ખાતે શ્રીલંકાની ટીમના ભાગ રહેલા સ્પિન બોલરો પ્રભાત જયસૂર્યા અને રમેશ મેન્ડિસનો સામનો કરવો કોઈપણ વિરોધી ટીમના બેટ્સમેન માટે ક્યારેય સરળ કાર્ય નહોતું. આ મેદાન પર જયસૂર્યા અને મેન્ડિસનો બોલિંગમાં શાનદાર રેકોર્ડ છે, જેમાં કુલ મળીને લગભગ ૧૫૦ વિકેટ છે.

પ્રભાત જયસૂર્યા અને રમેશ મેન્ડિસની સ્પિન જોડી ભારત સામેની ગાલે ટેસ્ટ મેચમાં શ્રીલંકાનું સૌથી મોટું હથિયાર બની શકે છે. ગાલે સ્ટેડિયમ ખાતે પ્રભાત જયસૂર્યાનો રેકોર્ડ દર્શાવે છે કે તેણે અહીં



૧૧ ટેસ્ટ મેચ રમી છે, જેમાં તેણે ૨૬.૬૨ ની સરેરાશથી ૮૧ વિકેટ લીધી છે. તેણે નવ વખત એક ઇનિંગમાં ૫ વિકેટ લીધી છે અને બે વખત એક મેચમાં ૧૦ વિકેટ પણ મેળવી છે. જયસૂર્યાના સ્પિન પાર્ટનર રમેશ મેન્ડિસે ગાલે ખાતે રમાયેલી ૧૨ ટેસ્ટ મેચમાં ૨૬.૪૩ ની સરેરાશથી ૬૧ વિકેટ લીધી છે, જેમાં પાંચ પાંચ વિકેટ અને એક દસ વિકેટનો સમાવેશ થાય છે.

અત્યાર સુધી, ગાલે ખાતેની પિચો પર સ્પિન બોલરોનું પ્રભુત્વ રહ્યું છે, જે હકીકત ભારતીય ટીમ સારી રીતે જાણે છે. આવી સ્થિતિમાં, ટીમ ઇન્ડિયા પ્રથમ ટેસ્ટ માટે પ્લેઇંગ ઇલેવનમાં ત્રણ ડાબા હાથના સ્પિનરોને સામેલ કરવાનો નિર્ણય લઈ શકે છે, જેમાં માનવ સુથાર કુલદીપ યાદવ અને રવિન્દ્ર જાડેજા સાથે જોડાય તેવી શક્યતા છે. ભારત અને શ્રીલંકા વચ્ચે ગાલે ખાતે પાંચ ટેસ્ટ મેચ રમાઈ છે, જેમાં શ્રીલંકાની ટીમે ત્રણ અને ભારતીય ટીમે બે જીતી છે.


## શ્રીલંકામાં ક્રિકેટ મેચ દરમિયાન પાણી પીવાના મામલે બે ખેલાડીઓ વચ્ચે થયેલા ઝઘડામાં કોચનું મોત થયું

જ્યારે બધાનું ધ્યાન શ્રીલંકામાં ૧૫ ઓગસ્ટથી શરૂ થઈ રહેલી ભારત અને શ્રીલંકા વચ્ચેની બે મેચની ટેસ્ટ શ્રેણી પર કેન્દ્રિત છે, ત્યારે એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. શ્રીલંકાના ભૂતપૂર્વ ક્રિકેટ કેપ્ટન કુસલ મેન્ડિસને શાળાના દિવસોમાં કોચિંગ આપનારા કોચ સુમિત ફર્નાન્ડોનું ક્રિકેટ મેચ દરમિયાન ખેલાડીઓ સાથે થયેલા ઝઘડા બાદ મૃત્યુ થયું. ૮ ઓગસ્ટના રોજ, કોલંબોમાં એક ક્રિકેટ મેચ દરમિયાન, બે ખેલાડીઓ પીવાના પાણીને લઈને અથડાયા હતા. સુમિત ફર્નાન્ડો આ ઝઘડામાં સામેલ થયો અને તેના પર કથિત રીતે હુમલો કરવામાં આવ્યો. હોસ્પિટલમાં દાખલ થવા છતાં, તેને બચાવી શકાયો નહીં. સુત્રો અનુસાર, કોલંબોમાં એક ક્રિકેટ મેચ દરમિયાન ખેલાડીઓ સાથે ઝઘડા બાદ મૃત્યુ પામેલા ૬૨ વર્ષીય કોચ સુમિત ફર્નાન્ડોના મૃત્યુના સંદર્ભમાં ૧૦ ઓગસ્ટના રોજ પોલીસે ૧૭ વર્ષના ખેલાડીની ધરપકડ કરી હતી. ત્યારબાદ તેને ૧૧ ઓગસ્ટના રોજ કોલંબોની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાં તેને ૧૭ ઓગસ્ટ સુધી કિશોર અટકાયત કેન્દ્રમાં મોકલવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ૮ ઓગસ્ટના રોજ કોલંબોમાં એક ક્રિકેટ મેચ દરમિયાન, પાણી પીવાના પાણીને લઈને બે ખેલાડીઓ વચ્ચે ઝઘડો થયો હતો. કોચ સુમિત ફર્નાન્ડો આ ઝઘડામાં સામેલ થયો હતો અને તેના પર કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટના પછી તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં ૧૧ ઓગસ્ટના રોજ સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું.

## રિલીઝ પહેલા જ ઇતિહાસ રચતા, 'આવારાપન ૨' એ ભાગ ૧ ની એડવાન્સ બુકિંગમાં કુલ કમાણીનો રેકોર્ડ તોડી નાખ્યો

ઇમરાન હાશ્મીની ૨૦૦૭ ની ફિલ્મ 'આવારાપન' આજે ક્લાસિક ગણી શકાય, પરંતુ તેની રિલીઝ પછી, તે બોક્સ ઓફિસ પર નિષ્ફળ ગઈ. ફિલ્મે તેના જીવનકાળમાં ફક્ત ૭.૭ કરોડની કમાણી કરી હતી. જોકે, સમય જતાં, આ ફિલ્મે કેબલ, ટીવી અને ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા અપાર દર્શકોનો પ્રેમ મેળવ્યો, જે એક કલ્ટ ક્લાસિક બની ગઈ. વર્ષો પછી, આ લોકપ્રિયતાનો સીધો ફાયદો હવે તેની સિક્વલને થઈ રહ્યો છે, જે આ સપ્તાહના અંતે થિયેટરોમાં રિલીઝ થવાની તૈયારીમાં છે.

"આવારાપન ૨" માટે એડવાન્સ બુકિંગ તેની રિલીઝના માત્ર ૪૮ કલાક પહેલા ખુલ્યું હતું, પરંતુ પ્રેક્ષકોના ભારે ઉત્સાહને કારણે તેને જબરદસ્ત પ્રારંભિક પ્રતિસાદ મળ્યો હતો. રિલીઝના એક દિવસ પહેલા, ફિલ્મના શરૂઆતના દિવસ માટે ૧.૩ લાખથી વધુ ટિકિટ વેચાઈ ગઈ હતી. ફિલ્મે તેના શરૂઆતના દિવસ માટે લગભગ ૪ કરોડ (આશરે ૪ કરોડ) ની કમાણી કરી લીધી છે. સમગ્ર શરૂઆતના સપ્તાહના અંતે એડવાન્સ બુકિંગના આંકડા સાથે જોડવામાં આવે તો, આ આંકડો ૯ કરોડ (આશરે ૯ કરોડ) ને વટાવી ગયો છે. આમ, ફિલ્મે તેની રિલીઝ



પહેલા જ તેના પહેલા ભાગના કુલ આજીવન કલેક્શનને વટાવી દીધું છે.

૨૦૦૭ માં રિલીઝ થયેલી "આવારાપન", તેના શરૂઆતના દિવસે ૭૯ લાખની કમાણી કરી હતી અને તેના પહેલા સપ્તાહના અંતે ફક્ત ૨.૮૮ કરોડની કમાણી કરી હતી. તેનાથી વિપરીત, "આવારાપન ૨" ઇમરાન હાશ્મીના કરિયરની સૌથી મોટી ઓપનિંગ ફિલ્મ બનવાની દિશામાં આગળ વધી રહી છે. બોક્સ ઓફિસ નિષ્ણાતોનો અંદાજ છે કે આ ફિલ્મ તેના શરૂઆતના દિવસે ?૧૫ થી ?૨૦ કરોડની કમાણી કરી શકે છે. વધુમાં, આ ફિલ્મ વિશ્વભરના થિયેટરોમાં તેના પહેલા સપ્તાહના અંતે ૧૦૦ કરોડનો આંકડો પાર કરવાની ક્ષમતા ધરાવે છે, જે તેના પહેલા ભાગની કુલ કમાણી કરતા અનેક ગણી વધારે છે.

"આવારાપન ૨" આ શુક્રવારે બોક્સ ઓફિસ પર સની દેઓલની "પાર્ટીશન ૧૯૪૭" સાથે સીધી સ્પર્ધા કરી રહી છે. જો કે, વર્તમાન વલણો અને એડવાન્સ બુકિંગના આંકડાઓના આધારે, ટ્રેડ વિશ્લેષકો માને છે કે "આવારાપન ૨" આ સ્પર્ધામાં ઘણી આગળ ઉભરી આવશે. નીતિન કક્કર દ્વારા દિગ્દર્શિત અને વિશેષ ભટ્ટ દ્વારા નિર્મિત, આ ફિલ્મમાં ઇમરાન હાશ્મી ફરી એકવાર તેના આઇકોનિક પાત્ર "શિવમ પંડિત" તરીકે છે. ફિલ્મમાં શબાના આઝમી, દિશા પટણી અને સુવિન્દર વિક્કી પણ અભિનય કરે છે. આ ખૂબ જ અપેક્ષિત ફિલ્મ ૧૪ ઓગસ્ટના રોજ થિયેટરોમાં રિલીઝ થઈ રહી છે.

## ભૂતપૂર્વ ભારતીય ખેલાડી વિનય કુમારને કર્ણાટક ટીમના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા

૨૦૨૫-૨૬ રણજી ટ્રોફીમાં રનર-અપ રહેલા કર્ણાટકએ આગામી સ્થાનિક સિઝન માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે, જેમાં કોચિંગ સેટઅપ અંગે સૌથી મોટો નિર્ણય લેવામાં આવી રહ્યો છે. કર્ણાટક રાજ્ય ક્રિકેટ એસોસિએશને ભૂતપૂર્વ ભારતીય ખેલાડી અને તેજસ્વી ફાસ્ટ બોલર વિનય કુમારને તેના નવા મુખ્ય કોચ તરીકે નિયુક્ત કર્યા છે. અગાઉ, આ પદ યેરે ગૌડ પાસે હતું, જેમના સ્થાને ૪૨ વર્ષીય વિનય કુમારને લેવામાં આવ્યા છે. વિનય કુમારની સાથે, કર્ણાટકના ભૂતપૂર્વ બેટ્સમેન દીપક ચૌગુલેને ફિલ્ડિંગ કોચ તરીકે નિયુક્ત



કરવામાં આવ્યા છે. કર્ણાટક ૨૦૨૬-૨૭ સીઝનમાં ૧૧ ઓક્ટોબરે આંધ્ર સામેની મેચ સાથે રણજી ટ્રોફીમાં ડેબ્યૂ કરશે.

વિનય કુમારની વાત કરીએ તો, તે ટીમ ઇન્ડિયા તરફથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં રમી ચૂક્યો છે. વિનય કુમારે એક ટેસ્ટમાં એક વિકેટ લીધી હતી, જ્યારે તેણે ૩૧ વનડેમાં ૩૮ વિકેટ પણ લીધી હતી. તેણે નવ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ૧૦ વિકેટ પણ લીધી હતી. ઘરેલુ ક્રિકેટમાં, વિનય કુમારનો ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં પ્રભાવશાળી રેકોર્ડ છે, જ્યાં તે કર્ણાટક માટે રમે છે. વિનય કુમારે ૧૩૯ ફર્સ્ટ-ક્લાસ મેચોમાં ૫૦૪ વિકેટ લીધી છે. રણજી ટ્રોફીના ઇતિહાસમાં સૌથી વધુ ઝડપી બોલર દ્વારા લેવામાં આવેલી વિકેટનો રેકોર્ડ હજુ પણ તેમના નામે છે.

## ટોક્સિક" ફિલ્મના શૂટિંગ દરમિયાન કિયારા અડવાણી ગર્ભવતી હતી, અને યશ તેની સંભાળ રાખતો હતો

અભિનેત્રી કિયારા અડવાણી "ટોક્સિક" ફિલ્મના શૂટિંગ દરમિયાન ગર્ભવતી હતી. મુંબઈમાં એક ફિલ્મ ઇવેન્ટમાં, અભિનેતા યશે ખુલાસો કર્યો કે તે સેટ પર બોડીગાર્ડની જેમ કિયારા અડવાણીની સંભાળ રાખે છે.

ચાહકો ફિલ્મ 'ટોક્સિક' ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ગુરુવારે મુંબઈમાં ફિલ્મના ઓડિયો લોન્ચ સમયે, યશે સેટ પર ગર્ભવતી કિયારા અડવાણીની સંભાળ રાખવા વિશે વાત કરી.

યશે કહ્યું હું તે કેવી રીતે કહી શકું? મને લાગે છે કે કિયારા ખૂબ જ વ્યાવસાયિક અભિનેત્રી



છે. જ્યારે તેણીને આ ફિલ્મ માટે કાસ્ટ કરવામાં આવી, ત્યારે હું ખૂબ જ ચિંતિત હતો કારણ કે તે ખૂબ જ પડકારજનક ફિલ્મ છે. તેઓએ મને પૂછ્યું કે શું મેં ક્યારેય વરસાદી દ્રશ્યોમાં કામ કર્યું છે? મેં કિયારાને ક્યારેય કહ્યું નહીં, પરંતુ તે સરળ અને સારું રહેશે. કિયારાએ જે રીતે પોતાને ફિલ્મ માટે સમર્પિત કરી છે તે અદ્ભુત છે. યશે ખુલાસો કર્યો કે તે ટોક્સિક ફિલ્મના સેટ પર કિયારા અડવાણીની સંભાળ રાખતો હતો. યશે પોતાની વાતચીતમાં આગળ કહ્યું, "મારે કહેવું જ જોઇએ કે તેની ગર્ભાવસ્થા દરમિયાન પણ, તેણીએ સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે કામ કર્યું. હું ખૂબ જ ચિંતિત હતી, અને ગીતુ તેનાથી પણ વધુ ચિંતિત હતી. અમે સેટ પર બાઉન્સર અથવા બોડીગાર્ડ જેવા હતા. અમે તેની સંભાળ રાખી હતી, પરંતુ તેણીએ ખૂબ જ મહેનત કરી. આભાર, કિયારા, આ ક્ષણ ખાસ છે."

યશ ફિલ્મ "ટોક્સિક" માં મુખ્ય ભૂમિકા ભજવે છે. તેમાં કિયારા અડવાણી, નયનતારા, હુમા કુરેશી, તારા સુતારિયા અને રુક્મિણી વસંત પણ છે.

## રાનીને ભારતીય ફિલ્મ મહોત્સવ મેલબોર્ન ખાતે ખાસ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી

રાની મુખર્જીએ તેની કારકિર્દી દરમિયાન વિવિધ પ્રકારની ભૂમિકાઓ ભજવી છે. ક્યારેક તેણીએ સામાજિક ધોરણોને પડકારતી મહિલાઓની ભૂમિકા ભજવી છે, અને ક્યારેક તેણીએ મુશ્કેલ પરિસ્થિતિઓમાં હિંમત બતાવતી મહિલાઓની ભૂમિકા ભજવી છે. હવે, આ બાબતને માન્યતા આપતાં, તેણીને એક વિશેષ સન્માન આપવામાં આવ્યું છે.

ત્રણ દાયકાથી વધુ સમયથી પોતાના શાનદાર અભિનયથી દર્શકોને મંત્રમુગ્ધ કરનાર રાનીને ભારતીય ફિલ્મ મહોત્સવ મેલબોર્ન ખાતે ખાસ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી છે.

અભિનયમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ તેણીને વિશેષ પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યો હતો. ભારતીય સિનેમામાં રાનીની લાંબી અને શાનદાર સફર માટે આ સન્માન એક મહત્વપૂર્ણ



માન્યતા માનવામાં આવી રહી છે.તેણીની કારકિર્દીમાં, તેણીએ ઘણા પાત્રો ભજવ્યા છે જે દર્શકો હજુ પણ યાદ કરે છે.તેણીના પાત્રો અને ફિલ્મોએ ભારત અને વિદેશમાં લોકોના હૃદયને સ્પર્શી ગયા છે.

'બ્લેક', 'હમ તુમ', 'યુવા', 'બંટી ઔર બબલી', 'નો વન કિલ્ડ જેસિકા', 'હિચકી', 'મર્દાની' ફ્રેન્ચાઇઝી અને 'મિસિસ' જેવી ફિલ્મોમાં રાનીના અભિનયને ખૂબ જ પ્રશંસા મળી છે. ચેટર્જી વિરુદ્ધ નોર્વે'.

રાનીએ દરેક ફિલ્મમાં પોતાના પાત્રોને સંપૂર્ણ પ્રામાણિકતા અને ભાવનાથી દર્શાવવાનો પ્રયાસ કર્યો છે. આ જ કારણ છે કે તેના ઘણા પાત્રો હજુ પણ દર્શકોમાં એક ખાસ સ્થાન ધરાવે છે.

આ સન્માન મેળવ્યા પછી, રાની મુખર્જીએ પોતાની ખુશી વ્યક્ત કરતા કહ્યું કે તેની ફિલ્મો, તેના પાત્રો અને તેનો અવાજ ઘરથી પણ આગળ વધી ગયો છે. આ સફર તેના માટે ખૂબ જ ખાસ રહી છે.

રાની માટે આ સન્માન માત્ર તેના અભિનયને ઓળખતું નથી, પરંતુ તે પણ દર્શાવે છે કે ભારતીય સિનેમાની વાર્તાઓ હવે વિશ્વના વિવિધ ભાગોમાં દર્શકો સુધી પહોંચી રહી છે.ઇન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબોર્ન ૨૦૨૬ ૧૩ થી ૨૩ ઓગસ્ટ સુધી યોજાઈ રહ્યો છે. આ ફેસ્ટિવલમાં ભારતભરની ફિલ્મો, કલાકારો અને ફિલ્મ નિર્માતાઓનું પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે.

# અલ્લાહની પૂજા કરનારા મુસ્લિમો વંદે માતરમ ગાશે નહીં, શરિયા કાયદા હેઠળ તે પ્રતિબંધિત છે : અબુ આઝમી

## સ્વતંત્રતા દિવસે પહેલીવાર, લાલ કિલ્લાના કિલ્લા પરથી સામૂહિક રીતે રાષ્ટ્રગીત "વંદે માતરમ" ગાવામાં આવશે

મુંબઈ,

દેશની આઝાદીના ૮૦મા વર્ષમાં, ભારત એક ઐતિહાસિક પ્રસંગનું સાક્ષી બનવા માટે તૈયાર છે. સ્વતંત્રતા દિવસે પહેલીવાર, લાલ કિલ્લાના કિલ્લા પરથી સામૂહિક રીતે રાષ્ટ્રગીત "વંદે માતરમ" ગાવામાં આવશે. આ મુદ્દે સમાજવાદી પાર્ટી મહારાષ્ટ્રના પ્રદેશ પ્રમુખ અને ધારાસભ્ય અબુ આઝમીએ કહ્યું કે જે લોકો ગાવા માંગે છે તેમણે ગાવું જોઈએ, અને અમને તેનાથી કોઈ વાંધો નથી. જોકે, જે લોકો શરિયાનું પાલન કરે છે તેઓ અલ્લાહ સિવાય બીજા કોઈની પૂજા કરી શકતા નથી.

મુંબઈમાં એક વાતચીત દરમિયાન, અબુ આઝમીએ કહ્યું કે સત્તામાં રહેલા લોકો કાયદા બનાવી શકે છે, અને આવા મુદ્દાઓ પર સંસદ અને વિધાનસભામાં ચર્ચા થાય છે. તેમણે કહ્યું કે જો લોકો પર બળજબરીથી



કંઈક લાદવામાં આવે છે, તો દેશમાં કાયદો અને ન્યાયતંત્ર અસ્તિત્વમાં છે, અને અદાલતોનો અંતિમ નિર્ણય હશે. જે લોકો વંદે માતરમ ગાવા માંગે છે તેમણે ગાવું જોઈએ, અને અમે સાંભળીશું.અબુ આઝમીએ કહ્યું કે 'વંદે માતરમ' ગાનારાઓ સામે અમને કોઈ વાંધો નથી. પરંતુ જેઓ શરિયામાં માને છે તેમના માટે એ ધાર્મિક મજબૂરી છે કે તેઓ અલ્લાહ સિવાય બીજા કોઈની પૂજા ન કરી શકે. શું તમે તેમને તેમના ધર્મથી અલગ કરશો? જેઓ તેમના ધર્મ પ્રમાણે જીવે છે તેમની ધાર્મિક લાગણીઓને ઠેસ ન પહોંચવી જોઈએ.

દિલ્હી બોમ્બ ધડાકા અંગે યુએન સુરક્ષા પરિષદના અહેવાલ અંગે, આઝમીએ કહ્યું કે આતંકવાદીઓ સાથે કડક કાર્યવાહી થવી જોઈએ, પછી ભલે તેઓ પાકિસ્તાન સાથે જોડાયેલા હોય કે અલ-કાયદા જેવા આતંકવાદી સંગઠન સાથે. જે ખરેખર આતંકવાદી છે તેમની સાથે કડક કાર્યવાહી થવી જોઈએ, અને કોઈને પણ તેમની ફાંસી સામે કોઈ વાંધો ન હોવો જોઈએ. પરંતુ મેં ઘણા એવા કિસ્સા જોયા છે જ્યાં અલ-કાયદા અથવા અન્ય સંગઠનોના નામે લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને પછી કોઈ પુરાવા ન મળતાં તેમને છોડી મૂકવામાં આવ્યા હતા.મુંબઈ શ્રેણીબદ્ધ વિસ્ફોટ કેસનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે ઘણા શિક્ષિત લોકોએ વર્ષો જેલમાં વિતાવ્યા હતા અને પછીથી નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. તેમણે પ્રશ્ન કર્યો કે જેમણે વર્ષો જેલમાં વિતાવ્યા હતા તેમને જીવનના તે વર્ષો કોણ પાછા આપશે. એફસીઆરએ બિલ અંગે, અબુ આઝમીએ કેન્દ્ર સરકાર પર લઘુમતીઓને પરેશાન કરતા મુદ્દાઓ ઉઠાવવાનો આરોપ લગાવ્યો. ટ્રિપલ તલાક, 'વંદે માતરમ' અને સમાન નાગરિક સંહિતા જેવા મુદ્દાઓ પર મુસ્લિમોને નિશાન બનાવવા માટે રાજકારણ રમાઈ રહ્યું છે. આ મુદ્દાઓનો ઉપયોગ મત મેળવવા માટે થઈ રહ્યો છે, જ્યારે દેશમાં વિકાસ કાર્યો પર પૂરતું ધ્યાન આપવામાં આવી રહ્યું નથી.સપા સરકારમાં ગૃહમંત્રી તરીકે આઝમ ખાનની નિમણૂક અંગે અબુ આઝમીએ કહ્યું કે પાર્ટીનું નેતૃત્વ આ સંદર્ભમાં જે પણ નિર્ણય લેશે તે બધાને સ્વીકાર્ય રહેશે.

# મહારાષ્ટ્રના નાસિકમાં ભૂકંપ, હિમાચલ અને અફઘાનિસ્તાનમાં ચાર ભૂકંપ અનુભવાયા

નાસિક,

શુક્રવારે સવારે મહારાષ્ટ્રના નાસિકથી હિમાચલ પ્રદેશ અને અફઘાનિસ્તાનમાં ચંબા સુધી ભૂકંપ અનુભવાયા હતા. ઉપલબ્ધ માહિતી દર્શાવે છે કે ચાર ભૂકંપ આવ્યા હતા, જેમાં સૌથી વધુ તીવ્રતા ૪.૪ હતી.

મહારાષ્ટ્રના નાસિકમાં આવેલા ભૂકંપની તીવ્રતા ૩.૪ હતી, જ્યારે ચંબામાં આવેલા ભૂકંપની તીવ્રતા ૩.૦ હતી. દરમિયાન, અફઘાનિસ્તાનમાં બે ભૂકંપથી જમીન હચમચી ગઈ. ઉપલબ્ધ માહિતી અનુસાર, હિમાચલ પ્રદેશના નાસિક, ચંબા અને અફઘાનિસ્તાનમાં કુલ ચાર ભૂકંપ નોંધાયા હતા. આમાંથી, અફઘાનિસ્તાનમાં આવેલા ભૂકંપની તીવ્રતા સૌથી વધુ ૪.૪ હતી. એ નોંધવું જોઈએ કે અગાઉ મહારાષ્ટ્રના પાલઘરમાં બે ભૂકંપ અનુભવાયા હતા.

મહારાષ્ટ્રના નાસિકમાં શુક્રવારે સવારે ૫:૩૨:૩૯ વાગ્યે ભૂકંપ નોંધાયો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૩.૪ હતી. ભૂકંપની ઊંડાઈ લગભગ ત્રણ કિલોમીટર ભૂગર્ભમાં હતી. ભૂકંપનું સ્થાન ૨૦.૪૬૧ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૭૩.૭૪૮ ડિગ્રી પૂર્વ રેખાંશ પર નોંધાયું હતું. એ નોંધવું જોઈએ કે ત્રણ દિવસ પહેલા મહારાષ્ટ્રના પાલઘરમાં પણ બે ભૂકંપ અનુભવાયા હતા.

શુક્રવારે સવારે ૬:૩૬:૨૮ વાગ્યે હિમાચલ પ્રદેશના ચંબામાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા ૩.૦ નોંધાઈ હતી. તેની ઊંડાઈ પાંચ કિલોમીટર ભૂગર્ભમાં હતી. ચંબા ભૂકંપનું સ્થાન ૩૩.૧૩૧ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૭૬.૫૮૫ ડિગ્રી પૂર્વ રેખાંશ પર નોંધાયું હતું. ઉપલબ્ધ માહિતી દર્શાવે છે કે આ ભૂકંપથી કોઈ નુકસાન થયું નથી.

શુક્રવારે સવારે અફઘાનિસ્તાનમાં પણ બે ભૂકંપના આંચકા નોંધાયા હતા. પહેલો ભૂકંપ સવારે ૪:૨૯:૩૦ વાગ્યે આવ્યો હતો, જેની તીવ્રતા ૪.૦ હતી. તેની ઊંડાઈ ૧૪૭ કિલોમીટર નોંધાઈ હતી. માત્ર ૧૨ મિનિટ પછી, સવારે ૪:૪૧:૫૪ વાગ્યે, બીજો ભૂકંપ ૪.૪ ની તીવ્રતા અને ૧૩૬ કિલોમીટરની ઊંડાઈ સાથે આવ્યો હતો. હાલમાં, અફઘાનિસ્તાનમાં બે ભૂકંપથી કોઈ નુકસાન થયું હોવાની કોઈ માહિતી નથી.

## હલ્દવાનીમાં રેલી પછી, કથિત રીતે "શુદ્ધ" કરવામાં આવ્યું

# જાતિવાદી અને સામંતવાદી તત્વો સામે કડક કાયદા હેઠળ યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ: માયાવતી

લખનૌ,

ઉત્તરાખંડના હલ્દવાનીમાં કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેની રેલી પછી, સ્થળ કથિત રીતે "શુદ્ધ" કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ આ ઘટના અંગે ભાજપ, કેન્દ્ર અને ઉત્તરાખંડ સરકારો પર આક્રમક રીતે હુમલો કરી રહી છે. બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીએ આ ઘટનાની સખત નિંદા કરી છે. તેમણે આ ઘૃણાસ્પદ કૃત્ય માટે જવાબદાર લોકોને જેલમાં મોકલવાની માંગ કરી છે. તેમણે આરએસએસ વડા મોહન ભાગવતને પણ આ ઘટનાની નોંધ લેવા જણાવ્યું છે.

બસપા વડા માયાવતીએ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં લખ્યું છે કે, "તાજેતરમાં, ઉત્તરાખંડના હલ્દવાનીમાં કોંગ્રેસ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના એક



કાર્યક્રમ પછી, તેમના મંચનું શુદ્ધિકરણ કરવામાં આવ્યું કારણ કે તેઓ દલિત હતા. આ માહિતી ગઈકાલે સંસદ દ્વારા પણ દેશને મળી હતી. આ ઘટના ખૂબ જ નિંદનીય અને ચિંતાજનક છે. સ્થાનિક સરકારે કોઈપણ વિલંબ કર્યા વિના આવા જાતિવાદી અને સામંતવાદી તત્વો સામે કડક કાયદા હેઠળ યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ અને તેમને જેલમાં મોકલવા જોઈએ."

માયાવતીએ કહ્યું છે કે, આરએસએસ વડાએ પણ આ ઘટનાની નોંધ લેવી જોઈએ અને તેના વિશે ગંભીરતાથી વિચારવું જોઈએ, જે આર્થિક રીતે મજબૂત દલિતોને અનામતથી વંચિત રાખવાની વાત કરી રહ્યા છે. વધુમાં, મહારાષ્ટ્રના નાંદેડમાં શિરોમણી અકાલી દળના વડા સુખબીર સિંહ બાદલ પર તાજેતરમાં થયેલો હુમલો પણ અત્યંત દુઃખદ અને ચિંતાજનક છે. કેન્દ્ર અને મહારાષ્ટ્ર સરકારોએ આ ઘટનાને ખૂબ જ ગંભીરતાથી લેવી જોઈએ અને દોષિતો સામે કડક કાનૂની કાર્યવાહી કરવી જોઈએ.

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ ૮ ઓગસ્ટના રોજ ઉત્તરાખંડના હલ્દવાનીમાં રામલીલા મેદાનમાં એક રેલીનું આયોજન કર્યું હતું. આ ઘટના બાદ, સ્થળનું "શુદ્ધિકરણ વિધિ" કરવામાં આવી હોવાનો આરોપ છે.

# ઉત્તરાખંડના ચમોલી ટનલ દુર્ઘટનામાં સાત કામદારોના મોત, ત્રણ હજુ પણ ગુમ

## હાઇડ્રો પ્રોજેક્ટની ટનલની અંદરના ખાડામાંથી અચાનક મોટો કાટમાળ અને પાણી નીકળી ગયું, ૧૮ લોકોને બચાવી લેવાયા

ચમોલી,

ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના પીપલકોટી વિસ્તારમાં ૐઝઝ સાઈટ પર નિર્માણાધીન ડીઆરટી ટનલ ધરાશાયી થતાં સાત કામદારોના મોત થયા છે. જોકે, ૧૮ કામદારોને બચાવી લેવામાં આવ્યા છે, અને બાકીના લોકોની શોધ ચાલુ છે. હકીકતમાં, સાંજે ૭ વાગ્યાની આસપાસ... ગુરુવારે સાંજે, હાઈડ્રો પ્રોજેક્ટની ટનલની અંદરના ખાડામાંથી અચાનક મોટો કાટમાળ અને પાણી નીકળી ગયું, જેના કારણે કામદારો અંદર ફસાઈ ગયા. અકસ્માતની માહિતી મળતાં, એસડીઆરએફ, એનડીઆરએફ જિલ્લા વહીવટીતંત્ર અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમો ઘટનાસ્થળે પહોંચી અને બચાવ કામગીરી શરૂ કરી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટનલની અંદર ૨૨ લોકો ફસાયા હતા, જેમાંથી ૧૮ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.કાટમાળ જમા થવાને કારણે રાતોરાત બચાવ કામગીરી અટકાવી દેવામાં આવી હતી, પરંતુ ત્યારથી બાકીના બચી ગયેલા લોકોની શોધ શરૂ કરવામાં આવી છે.ગુરુવારે સાંજે ૬:૩૦ થી ૬:૪૫ વાગ્યાની વચ્ચે અકસ્માત થયો હતો, જ્યારે ટનલની અંદર લગભગ ૧.૮ કિલોમીટર દૂર એક ખાડામાંથી અચાનક મોટો કાટમાળ અને પાણી નીકળ્યું હતું. આ કાટમાળ અને પાણી ટનલના પ્રવેશદ્વારથી લગભગ દોઢ કિલોમીટર દૂર ત્યાં કામ કરતા કામદારોને ફસાવી દે છે. ત્યારથી બચાવ ટીમો બચાવ કાર્યમાં રોકાયેલી છે.

આ અકસ્માત પ્રોજેક્ટની ૩.૫ કિલોમીટર લાંબી ટનલની અંદર ૧.૮ કિલોમીટર અંદર થયો હતો. ટનલની અંદર ગુરુત્વાકર્ષણ આધારિત પેકિંગનું કામ ચાલી રહ્યું હતું.

# આરોગ્યપ્રધાન જેપી નડ્ડા દિલ્હી એઇમ્સમાં દાખલ, અસ્વસ્થતાની ફરિયાદ બાદ હોસ્પિટલમાં પહોંચ્યા

નવીદિલ્હી,

કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જેપી નડ્ડા દિલ્હી એઈમ્સમાં દાખલ છે. અસ્વસ્થતાની ફરિયાદ બાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમના અનેક પરીક્ષણો થયા અને હવે તેઓ સ્થિર છે. દિલ્હી એઈમ્સ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આ સમયગાળા દરમિયાન ૬૫ વર્ષીય જેપી નડ્ડાનું કોરોનરી એન્જીયોગ્રાફી કરવામાં આવ્યું હતું. તેઓ હવે કાર્ડિયોલોજી વિભાગમાં દાખલ છે. સીજેપી વિરોધ પ્રદર્શન દરમિયાન જેપી નડ્ડા સૌથી સક્રિય મંત્રી હતા. તેમણે જ સોનમ વાંગચુકને સૂપ ખવડાવીને તેમની ભૂખ હડતાળનો અંત લાવ્યો હતો. ત્યારબાદ તેમણે સીજેપી નેતાઓ સાથે વાત કરી અને જંતર-મંતર વિરોધનો અંત લાવ્યો.



દિલ્હી એઈમ્સ તરફથી એક સત્તાવાર નિવેદન ટ્વિટર પર શેર કરવામાં આવ્યું હતું. ફોટોમાં લખ્યું હતું કે, "માનનીય કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી. નડ્ડાનાં સ્વાસ્થ્યની સ્થિતિ અંગે એઈમ્સ નવી દિલ્હી તરફથી સત્તાવાર નિવેદન." સત્તાવાર નિવેદનમાં, હોસ્પિટલે જણાવ્યું હતું કે, "માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જેપી નડ્ડાનું ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ ની સાંજે કોરોનરી એન્જીયોગ્રાફી સહિત અનેક પરીક્ષણો દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. તેઓ હાલમાં સ્થિર છે અને તેમને નિરીક્ષણ માટે કાર્ડિયોલોજી વિભાગમાં દાખલ કરવામાં આવ્યા છે."

કોરોનરી એન્જીયોગ્રાફી એ એક તબીબી ઈમેજિંગ પ્રક્રિયા છે જેનો ઉપયોગ હૃદયને ઓક્સિજનથી ભરપૂર રક્ત પહોંચાડતી કોરોનરી ધમનીઓ, રક્ત વાહિનીઓ, ની તપાસ કરવા માટે થાય છે.

આ પ્રક્રિયા દરમિયાન, ડોકટરો સામાન્ય રીતે કાંડા અથવા જંઘામૂળમાં સ્થિત રક્ત વાહિનીમાં કેથેટર નામની પાતળી, લવચીક નળી દાખલ કરે છે અને તેને હૃદય તરફ દોરી જાય છે. ત્યારબાદ કોરોનરી ધમનીઓમાં એક ખાસ કોન્ટ્રાસ્ટ ડાઇ ઈન્જેક્ટ કરવામાં આવે છે, અને કોઈપણ સાંકડી અથવા અવરોધ શોધવા માટે એક્સ-રે છબીઓ લેવામાં આવે છે.

# ૩૪ સરકારી શાળાઓ તોડી પાડવામાં આવશે, ૯૦૦ કરોડના ખર્ચે ૨૭ નવી બનાવાશે

## શાળાઓની સલામતી અને માળખાગત ખામીઓનું મૂલ્યાંકન કર્યા પછી નિર્ણય લેવાયો

નવીદિલ્હી,

દિલ્હીમાં સરકારી શાળાઓની સલામતી અને માળખાગત સુવિધા સુધારવા માટે એક મોટો નિર્ણય લેવામાં આવી રહ્યો છે. શહેરભરમાં તમામ ૧,૦૯૦ સરકારી શાળાઓનું ડિજિટલ પ્રોફાઈલિંગ કર્યા પછી આ પગલું લેવામાં આવ્યું છે. દિલ્હી સરકાર શહેરમાં ૩૪ સરકારી શાળાઓ તોડી પાડવાની અને ૨૭ નવી શાળા ઈમારતો બનાવવાની તૈયારી કરી રહી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, શાળાઓની સલામતી અને માળખાગત ખામીઓનું મૂલ્યાંકન કર્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે દિલ્હી સરકારે તોડી પાડવા માટે ૩૪ સરકારી શાળાઓ ઓળખી કાઢી છે. આ શાળાઓમાંથી ૧૬ શાળાઓમાં તોડી પાડવાનું કામ ચાલી રહ્યું છે, જ્યારે નવ અન્ય શાળાઓને મંજૂરી આપવામાં આવી છે. કેટલીક શાળાઓમાં પાણી ભરાવાની સમસ્યા છે, જ્યારે અન્ય શાળાઓમાં સલામતીની ચિંતાઓ છે. કેટલીક શાળાઓ વિદ્યાર્થીઓ માટે અયોગ્ય ગણાતી જગ્યાએ આવેલી છે. ખાલી પ્લોટ પર સત્તાવીસ નવી શાળા ઈમારતો બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ્સનો ખર્ચ અંદાજે ૯૦૦ કરોડ થવાનો અંદાજ છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, નવી ઈમારતોનું બાંધકામ ૧૮ મહિનામાં પૂર્ણ થવાની ધારણા છે.

# દુશ્મન દેશો માટે ભારતની ઉદારતા અને સહિષ્ણુતાને નબળાઈ ન સમજવી એ ગંભીર ભૂલ હશે: ડોભાલ

## ઓપરેશન સિંદૂરનો મુખ્ય ઉદ્દેશ્ય પહેલગામ આતંકવાદી હુમલા સાથે જોડાયેલા આતંકવાદી ઠેકાણાઓનો નાશ કરવાનો હતો

નવીદિલ્ગી,

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે કહ્યું છે કે ભારતની ઉદારતા અને સહિષ્ણુતાને નબળાઈ ન સમજવી જોઈએ. તેમણે સમજાવ્યું કે ઓપરેશન સિંદૂરનો મુખ્ય ઉદ્દેશ્ય પહેલગામ આતંકવાદી હુમલા સાથે જોડાયેલા આતંકવાદી ઠેકાણાઓનો નાશ કરવાનો હતો. તેમણે એ પણ ભાર મૂક્યો કે દેશમાં પરિણામોને ધ્યાનમાં લીધા વિના જોખમો લેવાની અને સખત હુમલો કરવાની ક્ષમતા છે.

ડિસ્કવરીની આગામી દસ્તાવેજી શ્રેણી, "ડિક્લાસિફાઇડઃ ઓપરેશન સિંદૂર" માટે એક ઈન્ટરવ્યુ દરમિયાન, ડોવલે જણાવ્યું હતું કે આ ૮૮ કલાકના લશ્કરી ઓપરેશનનો ઉદ્દેશ્ય દુશ્મન આતંકવાદી છાવણીઓનો નાશ કરવાનો હતો, ખાસ કરીને પહેલગામ આતંકવાદી હુમલા માટે જવાબદાર લોકોનો નાશ કરવાનો. ઓપરેશન સિંદૂર પછીના તેમના પહેલા ઈન્ટરવ્યુમાં, ડોવલે કહ્યું, "અમે ઓપરેશનનો ઉદ્દેશ્ય દુશ્મન છાવણીઓનો નાશ કરવાનો નક્કી કર્યો છે, ખાસ કરીને પહેલગામ હુમલા માટે જવાબદાર લોકોનો."તેમણે વધુમાં જણાવ્યું હતું કે વિશ્વને સંદેશ સ્પષ્ટ છેઃ ભારતની ઉદારતા અથવા સહિષ્ણુતાને નબળાઈ ન સમજવી જોઈએ. ભારત જોખમ લઈ શકે છે, અને ભારત પરિણામોને ધ્યાનમાં લીધા વિના સખત પ્રહાર કરી શકે છે.

ડિસ્કવરીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ બે ભાગની દસ્તાવેજી શ્રેણી ભારતના લશ્કરી અને રાષ્ટ્રીય સુરક્ષા નેતૃત્વને ઓપરેશન સિંદૂરની આસપાસના નિર્ણયો અને ઘટનાઓને ઉજાગર કરવા માટે એકસાથે લાવે છે. આમાં ભારતના પ્રતિભાવનું નિરીક્ષણ કરનારા લોકોના પ્રત્યક્ષ અહેવાલો શામેલ છે. ડિસ્કવરીના જણાવ્યા મુજબ, શોમાં, અજિત ડોભાલ લશ્કરી પ્રતિક્રિયા પાછળના નિર્ણયો અને તેને અમલમાં મૂકવાના સંકલ્પ વિશે વિગતવાર જણાવશે."ડિક્લાસિફાઇડઃ ઓપરેશન સિંદૂર" શનિવારે રાત્રે ૯ વાગ્યે ડિસ્કવરી ચેનલ અને સ્ટ્રીમિંગ સેવા ડિસ્કવરી+ પર પ્રીમિયર થશે.

# રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટમાંથી રાહત, ફોજદારી માનહાનિનો કેસ ફગાવી દેવાયો

## ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા જરૂરી મંજૂરી ન આપવાના કારણે સુપ્રીમ કોર્ટે રાહુલ સામેના સમન્સ અને ફરિયાદ રદ કરી

નવીદિલ્હી,


૨૦૨૨ માં 'ભારત જોડો યાત્રા' દરમિયાન વીર સાવરકર વિરુદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણી કરવાના કેસમાં સુપ્રીમ કોર્ટે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીને મોટી રાહત આપી છે. સુપ્રીમ કોર્ટે લખનૌ મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા રાહુલ ગાંધી વિરુદ્ધ જારી કરાયેલ સમન્સ રદ કર્યું છે. ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા જરૂરી મંજૂરી ન આપવાના કારણે સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધી સામેના સમન્સ અને ફરિયાદ રદ કરી દીધી.

મળતી માહિતી મુજબ, કોર્ટને કહેવામાં આવ્યું હતું કે આ કેસમાં કેસ ચલાવવા માટે જરૂરી પરવાનગી યુપી સરકાર દ્વારા આપવામાં આવી નથી. આને ધ્યાનમાં રાખીને, કોર્ટે નીચલી કોર્ટમાં ચાલી રહેલી કાર્યવાહી અને રાહુલ ગાંધીને જારી કરાયેલા સમન્સ રદ કર્યા. કેસની સુનાવણી દરમિયાન, ઉત્તર પ્રદેશ સરકાર તરફથી હાજર રહેલા જસ્ટિસ દીપાંકર દત્તાએ એડિશનલ સોલિસિટર જનરલ કે.એમ. નટરાજને પૂછવામાં આવ્યું, "શું તમે પરવાનગી આપી છે?" નટરાજે જવાબ આપ્યો કે રાજ્ય સરકારે નથી આપી. કોર્ટે કહ્યું કે મંજૂરી જરૂરી છે, પરંતુ કોઈ મંજૂરી નથી. જો મંજૂરી ન હોય, તો કેસ ટકી રહેતો નથી. તમારે કાયદાનું પાલન કરવું પડશે.

# સ્વાતંત્ર્ય પર્વ પર રાષ્ટ્રપતિ ચંદ્રકની જાહેરાતઃ ગુજરાત પોલીસના ૧૯ અધિકારીઓ અને કર્મચારીઓને રાષ્ટ્રપતિ પોલીસ મેડલ

અમદાવાદ,

ગુજરાત પોલીસ દળના અધિકારીઓ અને કર્મચારીઓની ઉત્કૃષ્ટ, નિષ્ઠાવાન તથા પ્રશંસનીય સેવાઓને બિરદાવતા રાજ્યના ૧૯ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની રાષ્ટ્રપતિ પોલીસ મેડલ માટે પસંદગી કરવામાં આવ્યા છે. આ સન્માનથી ગુજરાત પોલીસ બેડામાં ભારે ઉત્સાહ અને ગૌરવની લાગણી વ્યાપી ગઈ છે.અત્યંત વિશિષ્ટ અને ઉત્કૃષ્ટ સેવાઓ બદલ આપવામાં આવતા 'પ્રેસિડેન્ટ્સ મેડલ ફોર ડિસ્ટિંગ્વિશ્ડ સર્વિસ' માટે ગુજરાતના ૨ ઉચ્ચ પોલીસ અધિકારીઓની પસંદગી કરવામાં આવી છે. જેમાં અમિત કુમાર કિશોર વિશ્વકર્મા (એડિશનલ ડાયરેક્ટર




જનરલ ઓફ પોલીસ એડીજીપી) અને બહાદુરસિંહ અભેસિંહ ચુડાસમા (ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ - ડીવાયએસપી)નો સમાવેશ થાય છે.

સરાહનીય અને પ્રશંસનીય કામગીરી બદલ એનાયત થતા 'મેડલ ફોર મેરીટોરિયસ સર્વિસ' માટે ગુજરાત પોલીસના ૧૭ અધિકારીઓ અને કર્મચારીઓની પસંદગી કરવામાં આવી છે.

૧. સૌરભ દૌલાલ તોલુંબિયા (આઈજીપી -આઈજીપી),૨.કનૈયા લક્ષ્મણભાઈ વાઘેલા (ડેપ્યુટી એસપી-ડીનવાયએસપી ),૩. બાબાભાઈ રામજીભાઈ કોળી (પોલીસ ઈન્સ્પેક્ટર-પીઆઇ),૪. બળવંતસિંહજી મોતીસિંહજી સોલંકી (આર્મ્ડ પોલીસ સબ ઈન્સ્પેક્ટર -એએપીએસઆઇ),૫. દિલીપસિંહ કિર્તિસિંહ રાણા (આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર - એએસઆઇ),૬. સંદીપ મહેન્દ્રભાઈ પટેલ (પોલીસ સબ ઈન્સ્પેક્ટર - પીએસઆઇ),૭. જયસિંહ ઘનશ્યામસિંહ રાજ (પોલીસ સબ ઈન્સ્પેક્ટર - પીએસઆઇ),૮. દિનેશકુમાર મણિભાઈ પટેલ (પોલીસ સબ ઈન્સ્પેક્ટર - પીએસઆઇ),૯.અનિલ શિવરામન નાયર (પોલીસ સબ ઈન્સ્પેક્ટર-પીએસઆઇ),૧૦. નાનજી તારશીભાઈ અઘેરા (આર્મ્ડ પોલીસ સબ ઈન્સ્પેક્ટર -એપીએસઆઇ),૧૧. સબ્બીર ખાન કરીમ ખાન થેબા (આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર - એએસઆઇ),૧૨. અજય પ્રહલાદભાઈ ઓઝા (હેડ કોન્સ્ટેબલ),૧૩. તરુણસિંહ ગણપતસિંહ સોલંકી (હેડ કોન્સ્ટેબલ),૧૪. ઉત્તમસિંહ ગુણવંતસિંહ ઝાલા (પોલીસ સબ ઈન્સ્પેક્ટર -પીએસઆઇ),૧૫. રાજેશકુમાર કરશનભાઈ મીર (હેડ કોન્સ્ટેબલ),૧૬. ભરતસિંહ નટવરસિંહ વાઘેલા (પોલીસ સબ ઈન્સ્પેક્ટર - પીએસઆઇ),૧૭. કલ્પેશકુમાર સોમાભાઈ દેસાઈ (આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર -એએસઆઇ)

રાજ્યમાં શાંતિ, સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવામાં અહમ ભૂમિકા ભજવનાર આ તમામ ૧૯ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને તેમની અપ્રતિમ સેવાઓ બદલ દેશના સર્વોચ્ચ એવોર્ડ પૈકીના એક એવા રાષ્ટ્રપતિ પોલીસ મેડલથી સન્માનિત કરવામાં આવશે.

# ૧૭ ઓગસ્ટથી ઓખા-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસની બંને દિશાના સમયમાં ફેરફાર



રાજકોટ, મુસાફરોની સુવિધા, બહેતર રેલ કનેક્ટિવિટી તથા આધુનિક રેલ સેવાઓને વધુ સુદ્રઢ બનાવવાની દિશામાં રેલ મંત્રાલય દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંતર્ગત ટ્રેન નંબર ૨૨૯૨૬/ ૨૨૯૨૫ ઓખા--અમદાવાદ-ઓખા વંદે ભારત એક્સપ્રેસના ટર્મિનલ સ્ટેશન અને ટાઈમ ટેબલમાં ફેરફાર તથા માર્ગમાં આંબલી રોડ સ્ટેશન પર નવા સ્ટોપેજને મંજૂરી આપવામાં આવી છે. આ સુધારેલી વ્યવસ્થા ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ થી અમલમાં આવશે.

રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાએ જણાવ્યું હતું કે સુધારેલી વ્યવસ્થા મુજબ હવે આ વંદે ભારત એક્સપ્રેસનું પ્રારંભિક અને અંતિમ સ્ટેશન અમદાવાદને બદલે સાબરમતી (જેલ સાઈડ) રહેશે.

નવું ટાઈમ ટેબલ

ટ્રેન નંબર ૨૨૯૨૬ ઓખા--સાબરમતી વંદે ભારત એક્સપ્રેસ ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ થી મંગળવાર સિવાય અઠવાડિયામાં છ દિવસ ઓખાથી ૧૬૪૫ વાગ્યે ઉપડશે. આ ટ્રેન ૧૯૪૪ વાગ્યે રાજકોટ પહોંચશે અને ૧૯૪૯ વાગ્યે ઉપડશે.

આંબલી રોડ સ્ટેશન પર ૨૨૪૦ વાગ્યે પહોંચશે અને ૨૨૪૨ વાગ્યે ઉપડશે તથા ૨૩૧૦ વાગ્યે સાબરમતી પહોંચશે. આ જ રીતે, ટ્રેન નંબર ૨૨૯૨૫ સાબરમતી--ઓખા વંદે ભારત એક્સપ્રેસ ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ થી મંગળવાર સિવાય અઠવાડિયામાં છ દિવસ સાબરમતીથી સવારે ૦૬૧૫ વાગ્યે ઉપડશે.

તે આંબલી રોડ સ્ટેશન પર ૦૬૨૩ વાગ્યે પહોંચશે અને ૦૬૨૫ વાગ્યે ઉપડશે. ત્યારબાદ રાજકોટ ૦૯૩૧ વાગ્યે પહોંચશે અને ૦૯૩૬ વાગ્યે ઉપડશે તથા ૧૩૨૦ વાગ્યે ઓખા પહોંચશે. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને રેક સંરચના સંબંધિત અદ્યતન માહિતી માટે મુસાફરો વેબસાઈટની મુલાકાત લેવી.

# રાજકોટ શહેરમાંથી શંકાસ્પદ કેમિકલના જથ્થા સાથે બે શખ્સોની અટકાયત

## કુવાડવામાં વાહનોને રૂા. ૮૫માં બાયોડીઝલ વેચતા હતા : રૂ. ૩.૧૭ લાખનો મુદામાલ કબ્જે



રાજકોટ, રાજકોટ શહેર વિસ્તારમાં ગેરકાયદેસર જ્વલનશીલ પદાર્થોનું ખરીદ-વેચાણ કે સંગ્રહ કરનારા શખ્સો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની સુચના આપવામાં આવી હતી. રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય માંડલીક, નાયબ પોલીસ કમિશ્નર ક્રાઈમ જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશ્નર ભરત બી. બસીયાની સૂચના હેઠળ આ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ઈન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નર બી.વી.જાધવની રાહબરી હેઠળ, એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટર એન.બી.ચૌધરી તથા કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.એન.જાનીના માર્ગદર્શન હેઠળ સંયુક્ત કામગીરી કરવામાં આવી હતી.

એસ.ઓ.જી. શાખાના પો.હેડ.કોન્સ. જયદીપસિંહ ચૌહાણ, ઉપેન્દ્રસિંહ ઝાલા તથા પો.કોન્સ. મહિપાલસિંહ ઝાલાને સંયુક્ત બાતમી મળી હતી કે અગાઉ ગેરકાયદે બાયોડીઝલના વેચાણમાં પકડાયેલ મહેરભભાઇ ફિરોજભાઇ ભારમલ નામનો વ્યક્તિ રૂડા ટ્રાન્સપોર્ટ નગરમાં થ્રીલોન રબર ઈન્ડસ્ટ્રીઝની સામેના ગોડાઉનમાં હાજર છે અને શંકાસ્પદ તથા ભેળસેળ યુક્ત પેટ્રોલિયમ જ્વલનશીલ પદાર્થનો જથ્થો પ્લાસ્ટિકના કન્ટેનરમાં રાખી ખાનગી વાહનોમાં ઇંધણ તરીકે સપ્લાય કરે છે.

બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને મહેરભભાઇ ફિરોજભાઇ ભારમલ (વોરા) (ઉં.વ. ૩૨, રહે. વોરા સોસાયટી, વિસાવદર) અને રણજીતભાઇ કનુભાઇ ધાંધલ (ઉં.વ. ૨૫, રહે. રાધેશ્યામ સોસાયટી, હડકો ચોકડી, રાજકોટ) નામના બે ઇસમોની અટકાયત કરી હતી. આ આરોપીઓ ગોડાઉનમાં ગેરકાયદેસર રીતે ઈલેક્ટ્રિક ફ્યુઅલ પંપ ઊભો કરી, જ્વલનશીલ પેટ્રોલિયમ લિક્વિડનો સંગ્રહ કરી ગ્રાહકોના પ્રાઈવેટ વાહનોમાં વેચાણ કરતા રંગેહાથ ઝડપાયા હતા.

પોલીસે ગોડાઉનમાંથી મોટા પ્રમાણમાં ગેરકાયદે મુદ્દામાલ જપ્ત કર્યો છે. જેમાં રૂ.૧,૬૧,૫૦૦/- ની કિંમતનું ૧૯૦૦ લીટર શંકાસ્પદ જ્વલનશીલ પેટ્રોલિયમ પ્રવાહી, રૂ.૭૦,૦૦૦/- ની કિંમતના ૨ પ્લાસ્ટિકના કન્ટેનર, રૂ.૩૫,૦૦૦/- નો ૧ ઈલેક્ટ્રિક ફ્યુઅલ પંપ તથા રૂ.૪૦,૦૦૦/- ની કિંમતનું ૧ એપલ કંપનીનું લેપટોપ કબ્જે કરવામાં આવ્યું છે. આ ઉપરાંત રૂ.૬,૦૦૦/- ની ૧ ઈલેક્ટ્રિક મોટર, ૧ કેલ્ક્યુલેટર, ઈલેક્ટ્રિક ફ્યુઅલ પંપના મીટર રીડીંગ લખેલી ૧ નોટબુક, ૯ નાની-મોટી ડાયરીઓ, વેપારની વિગતો દર્શાવતા ૩૪ કાગળો, ૧ ખાખી પૂઠા વાળી બીલ બુક તેમજ પ્લાસ્ટિક તથા કાચની ૬ નાની બોટલો મળીને કુલ રૂ.૩,૧૭,૬૦૦/- નો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે.

આ કામગીરી પીઆઇ એન.બી.ચૌધરી, કુવાડવા રોડ પીઆઇ એ.એન.જાની, એસઓજીના પો.હેડ.કોન્સ. ઉપેન્દ્રસિંહ જયવીરસિંહ, જયદીપસિંહ ખુમાનસિંહ, પો.કોન્સ. મહિપાલસિંહ પ્રવિણસિંહ, તેમજ કુવાડવા રોડ પો.સ્ટે.ના પો.હેડ.કોન્સ. મહેશભાઈ કાનાભાઈ રબારી, પો.કોન્સ. કુશલભાઈ શાંડિલ્યકુમાર, જયદીપભાઈ ગોપાલભાઈ અને પિન્ટુભાઈ વિરેન્દ્રકુમાર જોડાયા હતા. દરોડાના સ્થળે પ્રાથમિક પરીક્ષણ અને અભિપ્રાય માટે એફ.એસ.એલ. અધિકારીશ્રી સમીર જોશી, તોલમાપ અધિકારી માતંગ તથા પુરવઠા અધિકારી જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. આ મામલે કાયદેસરની કાર્યવાહી કરીને આગળની વધુ તપાસ કુવાડવા રોડ પોલીસ સ્ટેશન દ્વારા ચલાવવામાં આવી રહી છે.

# ઉનામાં પાડોશીએ સગીરા પર વારંવાર દુષ્કર્મ આચર્યું: પોલીસે આરોપીને ઝડપ્યો

## તબીબી તપાસમાં સગીરા ચાર માસની ગર્ભવતી હોવાનું જણાતા પરિવારજનો ચોંકી ઉઠ્યા

કૈલેશ ભટ્ટ ઉના: ઉના પંથકના એક ગામમાં પાડોશીએ સગીરા પર દુષ્કર્મ આચર્યું હોવાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. જેથી સગીરા ગર્ભવતી થતાં ચકચાર મચી ગઈ હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી આરોપીને ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો સગીરાને નબળાઈ લાગતા હોસ્પિટલ લઈ ગયા હતા

આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી જ્યારે સગીરાને નબળાઈ લાગતા તેની માતા તેને સારવાર માટે દીવની સરકારી હોસ્પિટલમાં લઈ ગયા હતા. ત્યાં તબીબી તપાસ દરમિયાન સગીરા ચાર માસની ગર્ભવતી હોવાનું નિદાન થયું હતું. આ હકીકત જાણીને પરિવારજનો ચોંકી ઉઠ્યા હતા.

સગીરાની માતાએ નવાબંદર મરીન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પાડોશમાં રહેતા શખ્સે સગીરાને લલચાવી-ફોસલાવી છેલ્લા ત્રણથી ચાર મહિનાના સમયગાળા દરમિયાન વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. ઘટનાની જાણ થતાં જ



પરિવારજનોએ નવાબંદર મરીન પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે ભ્દ્રજીની કલમ ૬૫ અને ૩૫૧ તેમજ પોક્સો એક્ટની કલમ ૪, ૫-અને ૬ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. મરીન પોલીસ અધિકારી જે.જે. પરમાર સહિતના સ્ટાફે તપાસમાં જોડાતા સગીરાનું નિવેદન નોંધ્યું હતું.

પોલીસે નિવેદન અને અન્ય પાસાઓને આધારે તપાસ આગળ વધારી હતી. ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે આ કેસની ગંભીરતા સમજી FSLની પણ મદદ લીધી છે. આરોપીની પૂછપરછ અને વધુ તપાસ દરમિયાન સમગ્ર ઘટનાની વિગતો સામે આવવાની શક્યતા છે. સગીરા સાથે બનેલી આ ઘટનાને પગલે પંથકમાં ભારે ચકચાર સાથે રોષ જોવા મળી રહ્યો છે.

# રિલાયન્સ ફાઉન્ડેશનની પ્રતિષ્ઠિત શિષ્યવૃત્તિ માટે અરજીઓ ખુલી

# ૫૧૦૦ પ્રથમ વર્ષના UG અને PG વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવશે

## અત્યાર સુધીમાં ભારતભરના ૩૩,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને રિલાયન્સની શિષ્યવૃત્તિ દ્વારા સહાય કરવામાં આવી છે

મુંબઈ, ભારતના સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ, રિલાયન્સ ફાઉન્ડેશને તેની મુખ્ય રિલાયન્સ ફાઉન્ડેશન શિષ્યવૃત્તિ ૨૦૨૬-૨૭ માટે અરજીઓ ખોલવાની જાહેરાત કરી, જે ભારતની વિકાસ ગાથામાં યોગદાન આપનારા નેતાઓ, નવીનતાઓ અને પરિવર્તન લાવનારાઓની આગામી પેઢીને ઉછેરવાની તેની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે.

શિક્ષણમાં જીવન બદલવાની, સમુદાયોને મજબૂત બનાવવાની અને રાષ્ટ્રોનું નિર્માણ કરવાની શક્તિ છે. આ માન્યતાને અનુસરીને, રિલાયન્સ ફાઉન્ડેશન શિષ્યવૃત્તિ દેશભરમાં અસાધારણ યુવા પ્રતિભાઓને ઓળખી અને સમર્થન આપી રહી છે, જે વિદ્વાનોને આત્મવિશ્વાસ સાથે ઉચ્ચ શિક્ષણ મેળવવા સક્ષમ બનાવે છે, સાથે સાથે તેમને વિકાસની તકો પ્રદાન કરે છે, જે હજારો વિદ્યાર્થીઓ સુધી પહોંચે છે.

રિલાયન્સ ત્રણ દાયકાથી વધુ સમયથી શિષ્યવૃત્તિ પૂરી પાડી રહી છે, પરંતુ ડિસેમ્બર ૨૦૨૨ માં, રિલાયન્સના સ્થાપક-અધ્યક્ષ શ્રી ધીરુભાઈ અંબાણીની ૯૦ મી જન્મજયંતિ પર, રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને અધ્યક્ષ શ્રીમતી નીતા એમ અંબાણીએ ૧૦ વર્ષમાં ૫૦,૦૦૦ શિષ્યવૃત્તિઓની વધારાની પ્રતિબદ્ધતાની જાહેરાત કરી, જે તેને ભારતની સૌથી મોટી ખાનગી શિષ્યવૃત્તિઓમાંની એક બનાવે છે. આજ સુધી, રિલાયન્સે ૩૩,૦૦૦ થી વધુ શિષ્યવૃત્તિઓ આપી છે. ગયા



વર્ષે, ૨૭ રાજ્યો અને સાત કેન્દ્રશાસિત પ્રદેશોની ૧,૩૫૦ સંસ્થાઓમાંથી ૫,૧૦૦ પસંદ કરાયેલા વિદ્વાનો હતા, જે ભારતના વિવિધ ભાગોમાંથી પ્રતિભા અને આકાંક્ષાઓની વિશાળતા દર્શાવે છે.રિલાયન્સ ફાઉન્ડેશન અંડરગ્રેજ્યુએટ શિષ્યવૃત્તિ દર વર્ષે ૫,૦૦૦ મેરિટોરીયલ વિદ્યાર્થીઓને મેરિટ-કમ-મીન્સ પસંદગી પ્રક્રિયા દ્વારા સહાય કરે છે, જે વિવિધ સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિના લાયક વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવા અને આકાંક્ષાઓ પૂર્ણ કરવા સક્ષમ બનાવે છે.

રિલાયન્સ ફાઉન્ડેશન અનુસ્નાતક શિષ્યવૃત્તિ વાર્ષિક ધોરણે ૧૦૦ અસાધારણ વિદ્યાર્થીઓને માન્યતા આપે છે, જે ભવિષ્ય માટે તૈયાર હોય છે, જેમાં એન્જિનિયરિંગ, ટેકનોલોજી, ઉર્જા અને જીવન વિજ્ઞાનનો સમાવેશ થાય છે.

અનુદાન ઉપરાંત, રિલાયન્સ ફાઉન્ડેશન શિષ્યવૃત્તિ માર્ગદર્શન, નેતૃત્વ વિકાસ કાર્યક્રમો, નેટવર્કિંગ તકો, ઉદ્યોગ નિષ્ણાતો સાથે વાર્તાલાપ અને અર્થપૂર્ણ અસર બનાવવા માટે કુશળતા, આત્મવિશ્વાસ અને દ્રષ્ટિકોણનું નિર્માણ કરવા માટે એક જીવંત વિદ્વાન સમુદાય સાથે એક સર્વાંગી વિકાસ યાત્રા પૂરી પાડે છે.

પાત્ર વિદ્યાર્થીઓ https://scholarships.reliancefoundation.rog/ દ્વારા ઑનલાઈન અરજી કરી શકે છે. . સ્નાતક પસંદગી પ્રક્રિયામાં યોગ્યતા મૂલ્યાંકન અને નાણાકીય પૃષ્ઠભૂમિનો સમાવેશ થાય છે, જ્યારે અનુસ્નાતક અરજદારોનું મૂલ્યાંકન શૈક્ષણિક યોગ્યતા, યોગ્યતા અને અન્ય પસંદગી પરિમાણો દ્વારા કરવામાં આવશે. અરજી પ્રક્રિયાના કોઈપણ તબક્કે કોઈ ફી નથી.વિદ્યાર્થીઓને મોટા સપના જોવા સક્ષમ બનાવવું:

**રિલાયન્સ ફાઉન્ડેશન વિશે**

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની પરોપકારી શાખા, રિલાયન્સ ફાઉન્ડેશન, નવીન અને ટકાઉ ઉકેલો દ્વારા ભારતના વિકાસ પડકારોનો સામનો કરવામાં ઉત્પ્રેરક ભૂમિકા ભજવવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. સ્થાપક અને અધ્યક્ષ શ્રીમતી નીતા એમ અંબાણીના નેતૃત્વમાં, રિલાયન્સ ફાઉન્ડેશન ગ્રામીણ પરિવર્તન, શિક્ષણ, આરોગ્ય, વિકાસ માટે રમતગમત, આપત્તિ વ્યવસ્થાપન, મહિલા સશક્તિકરણ, શહેરી નવીકરણ અને કલા, સંસ્કૃતિ અને વારસો પર ધ્યાન કેન્દ્રિત કરીને, બધા માટે એકંદર સુખાકારી અને જીવનની ગુણવત્તામાં વધારો કરવા માટે અવિરતપણે કાર્ય કરી રહ્યું છે, અને સમગ્ર ભારતમાં, ૯૮,૦૦૦ થી વધુ ગામડાઓ અને શહેરી સ્થળોએ ૧૦૦ મિલિયનથી વધુ લોકોના જીવનને સ્પર્શ્યું છે. વધુ વાંચો www.reliancefoundation.rog રિલાયન્સ ફાઉન્ડેશનને અહીં ફોલો કરો:

# રાજકોટ શહેર ભાજપ યુવા મોરચા દ્વારા બાળકોને નાસ્તા વિતરણ



રાજકોટ, પ્રદેશ ભાજપ અધ્ ક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માના જન્મ દિવસની ઉજવણીના ભાગે રૂપે તેમના ઉત્તમ સ્વાસ્થ્ય અને દિર્ઘાયુની મંગલ કામના માટે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડૉ. માધવ દવેના માર્ગદર્શન હેઠળ યુવા મોરચાના પ્રમુખ મિલન લીંબાસીયાની આગેવાનીમાં આજી ડેમ પાસે આવેલ ઝુંપડપટ્ટીના બાળકોને નાસ્તો વિતરણ કરેલ હતો. યુવા મોરચા પ્રમુખ મિલનભાઈ લીંબાસીયા, મહામંત્રી હિંમાશુભાઈ રાજયગુરૂ, સહિત યુવા મોરચાના કુલદીપસિંહ જાડેજા, નાગજીભાઈ રાદડિયા, રાહુલભાઈ રાઠોડ, જયદીપભાઈ વજકણી, કિશોરભાઈ મકવાણા, જયભાઈ મહેતા, દર્શનભાઈ વડોદરિયા, કુશળભાઇ ટોલિયા સહિતના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટની કર્ણાવતી ઇન્ટરનેશનલ સ્કૂલ અને જાપાન વચ્ચે શિક્ષણના નવા અધ્યાયનો પ્રારંભ

રાજકોટ, શિક્ષણ ક્ષેત્રે વૈશ્વિક સ્તરની શ્રેષ્ઠ પદ્ધતિઓ, આધુનિક ટેકનોલોજી અને નવીન શૈક્ષણિક અભિગમોના આદાન-પ્રદાનને વધુ મજબૂત બનાવતી એક મહત્વપૂર્ણ મુલાકાત અંતર્ગત ફાઈનાન્સિયલ મેનેજમેન્ટમાં પીએચડી તેમજ ગ્લોબલ ઈન્સ્યોરન્સ એન્ડ ફાઈનાન્સનું ટોકિયોથી ઉચ્ચ શિક્ષણ મેળવનાર જાપાનથી પધારેલા ખાસ અતિથિ જૂન્યા કોરિયામા એ રાજકોટ સ્થિત કર્ણાવતી ઈન્ટરનેશનલ સ્કૂલની દિલચસ્પ મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન તેમણે ગ્લોબલ એજ્યુકેશન, વિશ્વસ્તરીય શૈક્ષણિક પદ્ધતિઓ તથા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને લગતા વિવિધ પાસાઓ પર ઊંડાણપૂર્વક વિચારોનું



આદાન-પ્રદાન કર્યું હતું. આ પ્રસંગે શાળાના એમ.ડી. શ્રી અશોકભાઇ પાંભર અને રમેશભાઇ પાંભર સાથે શિક્ષણના બદલાતા સ્વરૂપ, વૈશ્વિક શૈક્ષણિક પદ્ધતિઓ, ટેકનોલોજીનો ઉપયોગ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. પરિણામે રાજકોટની કર્ણાવતી ઈન્ટરનેશનલ સ્કૂલ અને જાપાન વચ્ચે શિક્ષણના નવા અધ્યાયની શરૂઆત થઇ હતી.

શાળાની સુવ્યવસ્થિત કાર્યપદ્ધતિ, શિસ્તબદ્ધ શૈક્ષણિક વાતાવરણ અને કેમ્પસના પદ્ધતિસરના સંચાલનને જોઈને તેમણે સંતોષ અને ખુશી વ્યક્ત કરી હતી. વિદ્યાર્થીઓમાં વિચારશકિત, એકાગ્રતા, તર્કશકિત અને માનસિક ક્ષમતાના વિકાસ માટે શરૂ કરવામાં આવેલી આ અનોખી પહેલે મહેમાનનું ખાસ ધ્યાન ખેંચ્યું હતું. માત્ર પુસ્તકીય જ્ઞાનને બદલે માનસિક સ્વાસ્થ્ય અને વૈચારિક ક્ષમતા મજબૂત બનાવતા આ અભિગમને તેમણે વિશેષ બિરદાવ્યો હતો.

મુલાકાત દરમિયાન અતિથિએ શાળાના શિક્ષકો સાથે આત્મીય સંવાદ સાધી વર્ગખંડમાં અજમાવવામાં આવતા નવા પ્રયોગો અને ઈન્ટરેકિટવ લર્નિંગ પધ્ધતિઓ અંગે માહિતી મેળવી હતી. આ સાથે જ તેમણે વિદ્યાર્થીઓ સાથે પણ સમય વિતાવ્યો હતો.

# ઉનાના ખાપટમાં સિંહણ અને સિંહબાળે વાછરડાનું મારણ કર્યું



કૈલેશ ભટ્ટ ઉના: ગીર પૂર્વની જસાધાર રેન્જના જંગલ વિસ્તાર કરતાં તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં માનવ વસાહત વચ્ચે સિંહોનો વસવાટ વધુ જોવા મળે છે. ખાપટ ગામમાં સિંહ પરિવારનો કાયમી વસવાટ છે અને તેઓ અવારનવાર પશુઓનું મારણ કરે છે.

ગઈકાલે સાંજે ખાપટ ગામમાં એક સિંહણ અને તેના ત્રણ સિંહબાળે કેનાલ પાસે એક વાછરડાનું મારણ કર્યું હતું. તેઓ પોતાની ભૂખ સંતોષવા મારણ પર બેઠા હતા. મારણ ખાતી વખતે અચાનક એક શ્વાન ત્યાં આવી પહોંચ્યો હતો. શ્વાનને જોઈને સિંહણે તેને પકડવા માટે તેની પાછળ દોટ મૂકી હતી, પરંતુ શ્વાન હાથ લાગ્યો ન હતો. આ ઘટનાથી સિંહણ થોડી વ્યાકુળ થઈ ગઈ હતી. આ સિંહ પરિવારે બાદમાં કલાકો સુધી મારણ પર બેસીને પોતાની ભૂખ સંતોષી હતી. બીજી તરફ, ખિલાવડ-ઈટવાયા રોડ પર પણ સિંહ પરિવારની હાજરી જોવા મળી હતી. રોડની બંને બાજુ જંગલ વિસ્તાર આવેલો હોવાથી સિંહણ અને સિંહબાળ રોડ પર આવી જતાં થોડા સમય માટે વાહનવ્યવહાર થંભી ગયો હતો. સિંહો હવે માનવ વસાહતો અને ગ્રામ્ય વિસ્તારો સુધી પહોંચી ગયા છે અને દિવસ દરમિયાન પણ મારણ કરતા હોય છે. આથી ખેડૂતોને પોતાના ખેતરે પણ જીવના જોખમે જવું પડે છે. વન વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારવામાં આવે તેવી માંગણી ઉઠી છે.

# રાજકોટ શહેરમાં પોલીસની ડ્રાઇવમાં છરી સાથે ૧૨ અને નશો કરેલી હાલતમાં વાહન ચલાવતા ૧૯ ચાલકો પકડાયા

## પોલીસના ખાસ કોમ્બીંગમાં તમામ પોલીસ સ્ટેશનોની ટીમો દ્વારા માર્ગો પર ચેકીંગ હાથ ધરાયું: ૩૨ને સીધા દોર કર્યા

રાજકોટ, રાજકોટ શહેર પોલીસમાં કાયદો વ્યવસ્થા જળવાઇ રહે તે માટે યોજાયેલી પોલીસની ડ્રાઇવમાં છરી સાથે ૧૨ શખ્સો ને, દારૂ પી વાહન હંકારતાં ૧૯ને, દેશી દારૂ સાથે ૭ને અને અંગ્રેજી દારૂ સાથે ૩ને તથા નશો કરી ચાલીને નીકળેલા ૧ને પકડી લીધો હતો.

આ ડ્રાઇવમાં કુલ ૩૨ શખ્સોને પકડી કાયદાનું ભાન કરાવાયું હતું. જાણવા મળ્યા મુજબ રાજમોતી મીલ પાસે રહેતાં રાહુલ ઉર્ફે ઢગો ભૂપતભાઇ પરેસાને ચુનારાવાડ ચોકમાંથી છરી સાથે, ગાંધીગ્રામ ઉન્નાતી સ્કૂલ પાસેથી ઘંટેશ્વર ૨૫ વારીયાના ફારૂક બસીરભાઇ મલેકને, આઇઓસી ટાંકા પાસેથી જામનગર રોડના મોહિત સુરેશભાઇ ડોડીયાને, નાના મવા રોડ માલધારી ચોક પાસેથી નહેરૂનગર-૫ના શીવમ ધર્મેશભાઇ સોલંકી, મોરબી રોડ સીટી સ્ટેશન પાસેથી રોહીદાસપરાના રાજેશ બાવજીભાઇ ચુડાસમાને, શાંતિનગર રોડ પરથી પંચાયત ચોકના ગોરખ ઉદે સાઉદ નેપાળીને, માલીયાસણ બાયપાસ ચોકડીએથી આરટીઓ કચેરી પાસે રહેતાં વિક્રમ માધુભાઇ ચૌહાણને, સાત હનુમાન નજીકથી આણંદપર નવાગામના જગદીશ ચોથાભાઇ વાઘાણીને, બારવણ ચોકડીએથી બેડલના જયેશ ઉર્ફે કશીડો જગુભાઇ સોવસીયાને, ગોંડલ ચોકડીએથી વચ્છરાજનગરના જય ભરતભાઇ સોલંકીને, આજીડેમ ચોકડીએથી ઉદ્યોગનગર ક્વાદર્ટરના વૈભવ અશોકભાઇ તાવડેને, પાટીદાર ચોક પાસેથી અંબીકા ટાઉનશીપ નજીકના નરેન્દ્રબહાદુર ગોપાલબહાદુર છેત્રીને છરી સાથે પોલીસે પકડી લીધા હતાં.

જ્યાદરે દારૂ પીધેલી હાલતમાં વાહનો ચલાવી લોકોના જીવ જોખમમાં મુકનારા ૧૩



વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં પારેવડી ચોકમાંથી લાતી પ્લોટના મનિષ નાનાલાલ ભીંડોરાને દારૂ પી રિક્ષા હંકારી નીકળતાં પકડી લેવાયો હતો. તેમજ નવાગામ ઢોળા પાસેથી નાકરાવાડીના વિજય હકાભાઇ જુલાપરાને દારૂ પી બાઇક હંકારતા, નવાગામ રંગીલાના રાહુલ ભાનુભાઇ ધાડવીને દારૂ પી એક્ટીવા સાથે, રામ પાર્કના રાજુ વિક્રમભાઇ ખાચરને દારૂ પી રિક્ષા હંકારતા, રેસકોર્ષ શૌચાલય નજીક ગણેશ પાર્કના યશ પરેશભાઇ ધારૈયાને દારૂ પી કાર હંકારતા, સદર બજારના હુશેન ફીદાઅલી માકડાને જામ ટાવર ચોક પાસે દારૂ પી ટુવ્હીલર હંકારતા, છોટુનગરના વિજય અમતલાલ કછલા દારૂ પી એકટીવા હંકારી મઢી પાસેથી નીકળતાં પોલીસે પકડી લઇ કાર્યવાહી કરી હતી. આ ઉપરાંત નાણાવટી ચોક ક્વાંર્ટરના જીતેન્દ્ર રવજીભાઇ નુનીયાતરને દારૂ પી બાઇક હંકારતા છોટુનગર પાસેથી, ચંદન પાર્કના દિનેશ ઉર્ફે સંજય હીમતભાઇ થડેશ્વરને દારૂ પી એક્ટ્રીવા હંકારી રૈયા ચોકડીએથી નીકળતાં, રૈયાધારના સુરેશ મફાભાઇ સંખેશ્વરીયાને દારૂ પી બાઇક હંકારી નીકળતાં, મવડી સુવર્ણ ભુમિ પાસે રહેતાં ચેત બહાદુર જંગ બહાદુર બોહરાને દારૂ પી વિઠ્ઠલ રાદડીયા ચોકમાંથી વાહન પર નીકળતાં, વાવડીના અરવિંદ છગનભાઇ રાઠોડ, નાના મવા રોડના નેપાળી વિબ્સત સાદને કોકોનેટ પાર્ટી પ્લોટ પાસેથી, મનહર સોસાયટીના કિશન કાળુભાઇ ઉર્ફે કવાભાઇ બોળીયાને ચુનારાવાડ પાસેથી, અમુલ સર્કલ પાસેથી મોટા મહિકાના વિપુલ છગનભાઇ વીરેડીયાને, કોઠારીયા રોડ પરથી ગુલાબનગરના સમરસિંગ સીપાઇસિંગ બીંદને, આજીડેમ ચોકડીએથી રામેશ્વર પાર્કના ગીરધર ગાંડુભાઇ માયાણીને તેમજ રજનીશ ધીરૂભાઇ ભુતને, ચામુંડાનગરના ભાવેશ ગણપતભાઇ મકવાણાને દારૂ પી વાહન હંકારતાં પકડી લીધા હતાં.

તેમજ દેશી દારૂ સાથે મહિલાઓ સહિત છ પકડાયા હતાં. જેમાં ગોડાઉન રોડ પરથી હીના રૂપસીંગભાઇ ઝરીયાને ૧૨ લીટર દારૂ સાથે, ખોડીયારપરાના પ્રદીપપરી ઉર્ફે સુખો નાગેશપરી ગોસ્વામીને કરણસિંહજી રોડ પરથી ૧૨ લિટર દારૂ સાથે, વિજયપ્લોટના દેવીસિંગ સંગ્રામસિંગને લોહારને ત્રિકોણ બાગ પાસેથી દેશી દારૂ સાથ, આજી નદી કાંઠેથી સંગીતા વિનુ ગોહલને ચાર લિટર દારૂ સાથે, ખોખડદળ પુલ પાસેથી રવિ લક્ષમણભાઇ દલસાણીયાને પાંચ લિટર દારૂ સાથે, કેકેવી હોલ પાછળની અનિલ હર્ષદ સોલંકીને પંદર લીટર દારૂ સાથ પકડી લેવાયા હતાં. આમ કુલ ૩૨ શખ્સો પોલીસની ઝપટે છરી સાથે, દારૂ પી વાહન હંકારતા અને દેશી દારૂ સાથે પકડાયા હતાં.

# “વન નેશન. વન એક્સ્પો.” : રાજકોટથી ભારત બિલ્ડકોન ૨૦૨૭ના રાષ્ટ્રીય અભિયાનનો પ્રારંભ

## ભારતીય બિલ્ડિંગ મટિરિયલ્સ ઉદ્યોગને મળશે ગ્લોબલ પ્લેટફોર્મ : દેશના અન્ય ઇન્ડસ્ટ્રીયલ ક્લસ્ટર્સ સુધી લઈ જવા માટે એસો. નો સંપૂર્ણ સહયોગ રહેશે

રાજકોટ,

ભારતના બિલ્ડિંગ મટિરિયલ્સ, કન્સ્ટ્રક્શન, મેન્યુફેક્ચરિંગ અને એલાઇડ ઈન્ડસ્ટ્રીઝના સમગ્ર ઈકોસિસ્ટમને એક જ રાષ્ટ્રીય અને વૈશ્વિક પ્લેટફોર્મ પર લાવવાના ઉદ્દેશ સાથે ભારત બિલ્ડકોન ૨૦૨૭ના રાષ્ટ્રીય અભિયાનની શરૂઆત રાજકોટથી કરવામાં આવી છે. “વન નેશન. વન એક્સ્પો.”ની થીમ સાથે યોજાનાર આ એક્સ્પો દેશના મેન્યુફેક્ચરર્સ, રિટેલર્સ, હોલસેલર્સ, ડિસ્ટ્રિબ્યુટર્સ, બિલ્ડર્સ, આર્કિટેક્ટ્સ, કોન્ટ્રાક્ટર્સ, પ્રોજેક્ટ ડેવલપર્સ, સરકારી સંસ્થાઓ અને આંતરરાષ્ટ્રીય ખરીદદારોને એક જ બિઝનેસ પ્લેટફોર્મ પર જોડવાનો પ્રયાસ કરશે. ભારત બિલ્ડકોન ૨૦૨૭નું આયોજન ૦૩ થી ૦૬ જૂન ૨૦૨૭ દરમિયાન યશોભૂમિ કન્વેન્શન સેન્ટર, નવી દિલ્હી ખાતે કરવામાં આવશે. શ્રી જિતેન્દ્રભાઈ કથીરિયા, ડિરેક્ટર, ભારત બિલ્ડકોને જણાવ્યું કે ભારત બિલ્ડકોનનું વિઝન માત્ર એક એક્ઝિબિશનનું આયોજન કરવાનું નથી. રાજકોટ હાર્ડવેર મેન્યુફેક્ચરિંગ એસોસિએશનથી શરૂ થયેલી આ યાત્રા દેશના દરેક મેન્યુફેક્ચરર, એમએસએમઇ, લાર્જ કોર્પોરેટ, ઈન્ડસ્ટ્રી એસોસિએશન અને ઈન્ડસ્ટ્રીયલ ક્લસ્ટર સુધી પહોંચાડીને સમગ્ર




ઈકોસિસ્ટમને એક પ્લેટફોર્મ પર લાવવાનું મોટું મિશન છે.

મનીષભાઈ પટેલ, પ્રેસિડેન્ટ, રાજકોટ હાર્ડવેર મેન્યુફેક્ચરિંગ એસોસિએશને જણાવ્યું કે રાજકોટ અને સૌરાષ્ટ્રની મેન્યુફેક્ચરિંગ સ્ટ્રેન્થને નેશનલ અને ઈન્ટરનેશનલ માર્કેટ્સ સાથે જોડવા માટે ભારત બિલ્ડકોન એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બની શકે છે. રાજકોટથી શરૂ થયેલી આ પહેલને દેશના અન્ય ઈન્ડસ્ટ્રીયલ ક્લસ્ટર્સ સુધી લઈ જવા માટે એસોસિએશન તરફથી સંપૂર્ણ સહયોગ રહેશે.

શ્રી નરેન્દ્ર સંઘાત, કેપેક્સિલના વેસ્ટર્ન રિજન કમિટીના સભ્યએ જણાવ્યું કે ભારતના બિલ્ડિંગ મટિરિયલ્સ ઈન્ડસ્ટ્રી પાસે ક્વોલિટી, મેન્યુફેક્ચરિંગ કેપેસિટી અને ગ્લોબલ કોમ્પિટિશન માટે જરૂરી શક્તિ છે. હવે આ શક્તિને એક સાથે લાવી ઈન્ડિયન પ્રોડક્ટ્સને વિશ્વના માર્કેટ્સ સુધી પહોંચાડવાની જરૂર છે.

ભારત બિલ્ડકોનનું વિઝન ડોમેસ્ટિક, ગવર્નમેન્ટ અને એક્સપોર્ટ એમ ત્રણ પિલર્સને એક જ પ્લેટફોર્મ પર લાવવાનું છે. ગયા વર્ષે યોજાયેલા કાર્યક્રમમાં ૩૩૦થી વધુ કંપનીઓ, ૪૦,૦૦૦થી વધુ ડોમેસ્ટિક વિઝિટર્સ અને ૭૦૦થી વધુ ફોરેન બાયર્સની ભાગીદારી રહી હતી.

આ પ્રસંગે રાજકોટ હાર્ડવેર મેન્યુફેક્ચરિંગ એસોસિએશનના પ્રેસિડેન્ટ શ્રી મનીષભાઈ પટેલ, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી જિગ્નેશ વિરડિયા, સેક્રેટરી શ્રી ભાસ્કર રામોલિયા, ટ્રેઝરર શ્રી દિલીપ રૂપારેલિયા, જોઈન્ટ વાઈસ પ્રેસિડેન્ટ શ્રી જયદીપ પીપળીયા, જોઈન્ટ સેક્રેટરી શ્રી વિપુલ છાયાણી, એડવાઈઝર શ્રી સોમેશ મલિક, કેપેક્સિલના વેસ્ટર્ન રિજન કમિટીના સભ્ય શ્રી નરેન્દ્ર સંઘાત, બોર્ડ ઑફ ટ્રેડના સભ્ય તથા ભારત બિલ્ડકોનના ડિરેક્ટર શ્રી જિતેન્દ્રભાઈ કથીરિયા અને ભારત બિલ્ડકોનના ડિરેક્ટર શ્રી વિશાલ આચાર્ય સહિત ઉદ્યોગના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત રાજપૂત સમાજ અને ગુજરાત પોલીસનું ગૌરવ

## જુનાગઢ ડીઆઈજી રાજેન્દ્રસિંહજી ચુડાસમા ના ધર્મપત્ની વંદનાબેન ને શૂટિંગ ક્ષેત્રે ગૃહ મંત્રી હર્ષ સંઘવી ના હસ્તે પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ



કૈલૈશ ભટ્ટ ઉના

ગુજરાતની દીકરીઓ આજે રમતગમત સહિતના ક્ષેત્રોમાં પોતાની પ્રતિભાવોનો ડંકો વગાડી રહી છે તેમાં રમતગમત ક્ષેત્રે વધુ એક સિદ્ધિ જોડાય છે તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાયેલ એકલવ્ય સરદાર પટેલ અને જયદીપસિંહ એવોર્ડ સમારોહમાં ગૃહ મંત્રી હર્ષ સંઘવી ના હસ્તે વંદનાબા ચુડાસમા ને આ ગૌરવશાળી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો અત્રે એ યાદ અપાવું જરૂરી છે કે વંદનાબા ચુડાસમા ગુજરાત પોલીસમાં જેમનુ ખૂબજ મોટું નામ છે તેવા ગુજરાત પોલીસમાં કડક શિસ્તના આગ્રહી ગણાય છે તેવા જૂનાગઢના લોકપ્રિય ડીઆઈજી શ્રી રાજેન્દ્રસિંહજી ચુડાસમા ના ધર્મપત્ની છે રમતગમત ક્ષેત્રે વંદનાબાના અવિરત સમર્પણ અને શૂટિંગમાં અદભુત કૌશલ્ય દ્વારા આંતરરાષ્ટ્રીય સિધિઓ પ્રાપ્ત કરી તેમણે સમગ્ર રાજપૂત સમાજ અને ગુજરાત પોલીસ પરિવારનું પણ ગૌરવ વધારેલ છે તેવો ગુજરાતની મહિલાઓ માટે એક મિસાલ બની રહેશે અને તેમનું જીવન મહિલાઓને કાયમ પ્રેરણા આપતું રહેશે

# રાજકોટના કૃષ્ણપરા મટન માર્કેટમાં અનસ્ટેમ્પ્ડ માસ મટનનું વેચાણ કરવા સબબ ૧૦ વેપારીઓ દંડાયા

## મટનના નમૂના લેબ ચકાસણીમાં અનસ્ટેમ્પ્ડ હોવાનું ખુલતા અધિક કલેકટરએ રૂા. એક લાખનો દંડ ફટકાર્યો

રાજકોટ

રાજકોટ શહેરના પરાબજાર વિસ્તારમાં આવેલ કૃષ્ણપરા મટન માર્કેટના વધુ ૧૦ વેપારીઓને અનહાઈજેનીક અને અનસ્ટેમ્પ્ડ માસ મટનનું વેચાણ કરવા સબબ રૂા.૧ લાખનો દંડ અધિક કલેકટર ડો.બારોટ દ્વારા ફટકારવામાં આવેલ છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે, રાજકોટ શહેર જીલ્લામાં વેપારીઓને ત્યાંથી ગુણવતાસભર ખાદ્ય પદાર્થો મળી રહે તે માટે ફુડ વિભાગ દ્વારા તપાસણી કરવામાં આવે છે. જેમાં કૃષ્ણપરા મટન માર્કેટના આ ૧૦ વેપારીઓને ત્યાં મ્યુનિ.કોર્પો.ના ફુડ વિભાગના અધિકારીઓ દ્વારા તપાસણી કરી માસ મટનના નમુના લઈ લેબોરેટરીમાં ચકાસણી અર્થે મોકલવામાં આવેલ હતા.



ફુડ વિભાગના અધિકારીઓની આ તપાસણી દરમ્યાન આ વેપારીઓને ત્યાં સ્વચ્છતાનો અભાવ જોવા મળ્યો હતો. તેની સાથોસાથ આ માસ મટનના નમૂના લેબ ચકાસણીમાં અનસ્ટેમ્પ્ડ હોવાનું ખુલતા આ તમામ ૧૦ વેપારીઓને રૂા.૧૦-૧૦ હજારનો મળી કુલ રૂા.૧ લાખનો દંડ ફટકારાયો હતો.

જેમાં પરવેઝ મહેબુબભાઈ ચૌહાણ (એસ. મીરા મટન શોપ), હુસેન જુમાનભાઈ ચૌહાણ (સંજરી મટન શોપ), જાવેદ ઉમરભાઈ ચૌહાણ, જાકીર ઈસ્માઈલભાઈ ચૌહાણ (જાકીર ઈસ્માઈલ મટન શોપ), હાસમ કાસમભાઈ કટારીયા (કાસમભાઈ મટન શોપ), હનીફભાઈ કટારીયા (કટારીયા મટન શોપ) અહેજાઝ શમા સલીમભાઈ (સલીમ મટન શોપ), મહેબુબભાઈ શમા (બીસ્મીલ્લાહ મટન શોપ), અબ્દુલ મુશાભાઈ લાખા અને રફીકભાઈ શમા (શમા મટન શોપ) સામે આ દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે.

# સુપસિધ્ધ યાત્રાધામ સોમનાથમાં સયાજી હોટેલ્સે એનરાઇઝ બાય સયાજી લોન્ચ કરી

## આધુનિક એકોમોડેશન, ડાઇનિંગ અને વિશાળ ઈવેન્ટ સ્પેસ સાથે ૫૯ રૂમની સુવિધા

સોમનાથ,

સયાજી હોટેલ્સે એનરાઈઝ બાય સયાજી, સોમનાથના લોન્ચની જાહેરાત કરી છે. આ લોન્ચ ગુજરાતના સૌથી મહત્વપૂર્ણ યાત્રાધામ અને પર્યટન સ્થળોમાંના એકમાં ગ્રુપના વિસ્તરણને ચિહ્નિત કરે છે.

જૂનાગઢ-સોમનાથ હાઈવે પર આવેલી, આ પ્રોપર્ટી હરવા-ફરવા આવેલા પ્રવાસીઓ, પરિવારો, કોર્પોરેટ ગેસ્ટ અને સોશિયલ ગ્રુપ્સ માટે આધુનિક એકોમોડેશન, મલ્ટિ- ક્વિન રેસ્ટોરન્ટ અને વિશાળ બેંક્વેટ ફેસિલિટીઝને એક જ જગ્યાએ ઉપલબ્ધ કરાવે છે. ગુજરાતના પશ્ચિમ કિનારે આવેલ સોમનાથ ભારતના બાર જ્યોર્તિલિંગોમાં પ્રથમ માનવામાં આવતા શ્રી સોમનાથ જ્યોર્તિલિંગ મંદિર માટે પ્રસિદ્ધ છે. આ સ્થળ આધ્યાત્મિકતા અને વારસાને તેના દરિયાકાંઠાની સાથે જોડે છે, અહીં ત્રિવેણી સંગમ જેવા આકર્ષણો છે, જ્યાં હિરણ, કપિલા અને સરસ્વતી નદીઓ અરબી સમુદ્રને મળે છે, તેમજ ભાલકા તીર્થ તેની સાંસ્કૃતિક અને ધાર્મિક મહત્વતામાં વધારો કરે છે. ગીર-સોમનાથનો વિશાળ વિસ્તાર



ગીર નેશનલ પાર્ક સહિતના સ્થળો સુધી પહોંચ પણ સુવિધા આપે છે, જેથી આ સ્થળ યાત્રાધામ અને હરવા-ફરવાના શોખીનો બંને માટે સુસંગત બની જાય છે. નવી શરૂ થયેલી હોટેલમાં ૫૯ રૂમ છે, જેમાં ૨૪ ડિલક્સ રૂમ, ૨૪ પ્રીમિયમ ડિલક્સ રૂમ, ૧૦ સ્યુટ્સ અને એક ગ્રાન્ડ સ્યુટનો સમાવેશ થાય છે. ડિલક્સ કેટેગરીમાં ૨૫૨ ચોરસ ફૂટથી લઈને ગ્રાન્ડ સ્યુટ માટે ૬૩૦ ચોરસ ફૂટ સુધીના રૂમ છે, જે એકલ પ્રવાસીઓ અને પરિવારો બંને માટે વિકલ્પો પૂરા પાડે છે. જ્યાં લગ્ન, ઉજવણી, કોન્ફરન્સ, મીટિંગ અને અન્ય આયોજનોની વ્યવસ્થા કરવામાં આવે છે. સયાજી હોટેલ્સના એસોસિયેટ જનરલ મેનેજર રાજેન્દ્ર જોશીએ જણાવ્યું, “એનરાઈઝ બાય સયાજી, સોમનાથનું લોન્ચિંગ સયાજી હોટેલ્સ માટે એક મહત્વપૂર્ણ પડાવ છે કારણ કે અમે સમગ્ર ગુજરાતમાં અમારી ઉપસ્થિતિનો વિસ્તાર કરવાનું જાળવી રાખીએ છીએ. દેશભરમાંથી સોમનાથ આવતા મુલાકાતીઓની બદલાતી જરૂરિયાતોને પણ પૂર્ણ કરે. અમારા વતનમાં આ હોટેલના દરવાજા ખોલવા એ અમારા માટે વ્યક્તિગત રીતે ખૂબ જ મહત્વ ધરાવે છે, અને અમે તેને યાત્રાળુઓ, પરિવારો, હરવા-ફરવા આવતા લોકો અને સ્થાનિક લોકો માટે એક સ્વાગત યોગ્ય સ્થળ બનાવવાની આશા ધરાવીએ છીએ.” આરામદાયક રોકાણ ઈચ્છુકો અને મહત્વપૂર્ણ સામાજિક અને કોર્પોરેટ પ્રસંગો બંને માટે પણ એક શ્રેષ્ઠ સ્થળની ગરજ સારે છે.

# રાજકોટ શહેર – ગ્રામ્ય વિસ્તારોમાં જુગારધામ પર દરોડા: પાંચ મહિલા સહિત ૧૪ ઝબ્બે

રાજકોટ,

રાજકોટ શહેરના મવડી અને લોઠડા ગામમાં તાલુકા પોલીસ અને આજીડેમ પોલીસે દરોડા પાડી જુગારના વધુ બે કેસ કર્યા હતા મવડીના ફલેટમાંથી વૃધ્ધ સહિત સાતને અને લોઠડામાંથી પાંચ મહિલા સહિત સાતને પકડી લઈ કુલ રૂા. ૨૫ હજારની રોકડ કબજે કરી હતી. મવડી ગામમાં બાપાસીતારામ ચોક પાસે આવેલા શિવાય એપાર્ટમેન્ટ ફલેટ નં. ૮૦૧માં રહેતા ચંદ્રેશ કિશોરભાઈ ઠાકર (ઉ.વ. ૫૨) ના ફલેટમાં તાલુકા પોલીસે દરોડા પાડી જુગાર રમતા ચંદ્રેશ ઠાકર ઉપરાત મોહનભાઈ રામજીભાઈ નાર (ઉ.વ. ૭૫) રહે. અર્પણ એપાર્ટમેન્ટ, અંબીકા ટાઉનશીપ, નિલેશ પ્રતાપરાય ચૌહાણ (ઉ.વ. ૩૬) રહે. શિવાય એપાર્ટમેન્ટ, ફલેટ નં. ૫૦૧, મવડી, અભી જમનભાઈ પોલરા (ઉ.વ. ૨૭) રહે. શિવશકિત કોલોની શેરી નં. ૭/૮નો ખૂણો યુનર્સિટી રોડ, નિલેશ રમણીકભાઈ મારડીયા (ઉ.વ.૪૮) રહે. શિવાય એપાર્ટમેન્ટ, ફલેટ નં. ૨૦૧, મવડી, મેહુલ રાણાભાઈ લાંબા (ઉ.વ. ૩૬) રહે. ન્યુલ ખોડીયાર સોસાયટી, સહકાર મેઈન રોડ અને પ્રતિક પ્રેમજીભાઈ સોલંકી (ઉ.વ. ૩૮) રહે. સેવન હિલ્સ એપાર્ટમેન્ટ, મોચીનગર શેરી નં.૨, શિતલ પાર્ક, ૧૫૦ ફુટ રીંગ રોડને પકડી રૂા. ૧૫,૪૪૦ ની રોકડ કબજે કરી હતી. બીજા દરોડામાં રાજકોટ નજીક લોઠડા ગામમાં ભાયાસર રોડ પર રામાપીરના મંદિર પાસે જાહેરમાં જુગાર રમતા હિતેષ બીજલભાઈ ગણોદીયા (ઉ.વ. ૩૦-રહે. લોઠડા) મહેશ હમીરભાઈ જાબુકીયા (ઉ.વ. ૩૨-રહે. ભાયાસર), જોશનાબેન હિતેશભાઈ ગણોદીયા (ઉ.વ. ૨૫, રહે-લોઠડા), ભાવનાબેન જેશાભાઈ કુકડીયા (ઉ.વ. ૪૦-રહે. લોઠડા) જયાબેન બીજલભાઈ ગણોદીયા (ઉ.વ.૫૨, રહેઃ લોઠડા), કાંતાબેન પ્રકાશભાઈ મકવાણા (ઉ.વ. ૫૦, રહે. લોઠડા) અને હેતલબેન મહેશભાઈ જાંબુકીયા (ઉ.વ. ૩૦, રહે.ઃ ભાયાસર) ને આજીડેમ પોલીસના હેડ કોન્સ. હરપાલસિંહ જાડેજા સહિતના સ્ટાફે ઝડપી લઈ રૂા.૯,૮૬૦ ની રોકડ કબજે કરી હતી.

# લોધીકાના વિરવા ગામે રિક્ષાગેંગ ઝળકી: બે શ્રમિકાને રીક્ષામાં બેસાડી રૂા. ૩૭ હજાર સેરવી લીધા

રાજકોટ,

લોધીકાના વિરવા ગામે આવેલા કારખાનાની ઓરડીમાં નહી મજુરી કામ કરતાં મૂળ યુ.પી.ના આશીષ શીવભોલા ગૌતમ (ઉ.વ.૨૨) એમ શૂકલ કુમાર નામના યુવાનોને મુસાફર તરીકે બેસાડી રિક્ષા ગેંગે વિરવાથી શાપર જતા રોડ ઉપર ધકકા મૂકી કરી રૂા. ૩૭ હજારની ચોરી લીધાની લોધીકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ છે.

આશીષે પોલીસને જણાવ્યું કે તે વિરવા ગામે રાધેશ્યામ પેકેઝીંગ કારખાનાની આરેડીમાં રહી. મંજુરી કામ કરે છે ગત તા.૧૨ના બુધવારે રજા લેવાથી સવારે તે આગલા મહિનાનો પગાર રૂા. ૧૯ હજાર લઈ બેંકમાં જમા કરાવવા નિકળ્યો હતો. પરંતુ તે વિસ્તારમાં કોઈ વાહન મળતાં તે પગપાળા ગામના ગેઈટ સુધી ગયો હતો. રસ્તામાં તેજા પાસે આવેલી રિક્ષાના ચાલક કે જે રિક્ષામાં પહેલી અન્ય અજાણ્યા બે શખ્સો બેઠા હતા તેણે કયાં જવું છે? પૂછતા તેને ગોલ્ડન ઈન્ટ્રીઝ તરફ જવું છે. તેવો જવાબ આપતા ચાલકે રિક્ષામાં બેસી જવાનું કહેતા તે બેસી ગયો હતો. રસ્તામાં તેની બનેવી બેસેલ બે શખ્સોમાંથી એક અવારનવાર બહાર થુકવા તેની પાસે આવતો હતો. અને બહાર થુકવા માટે ધકકામુકી કરતો હતો. થોળે દુર બેમાંથી એક શખ્સે મારે આ તરફ મારા કારખાને જવું છે કહેતા ચાલકે રિક્ષાને વળાંક પાસે રોકી તેને ઉતારી દીધો તેવા રિક્ષાનું ભાડુ આપવા ખીસ્સામાં હાથ નાખતા તેઓ ભાડુ લીધા વગર ત્યાંથી નિકળી ગયા હતા જેથી શંકા જતા તેણે ખીસ્સામાં તપાસ કરતા રૂા. ૧૯ હજાર જોવામાં નહી મળતા ચોરી થયાની જાણ થઈ હતી. તે આ રિક્ષાગેંગને શોધતો હતો. ભારે એકાદ કલાક બાદ રાહુલકુમાર નામનો યુવાન તેને મળ્યો હતો. તેણે પણ પોતાને રિક્ષાગેંગ મુસાફર તરીકે બેસાડી રૂા. ૧૮ હજાર ધકકામૂકીના બહાને ફેરવી લીધાનું જણાવતા એન ફરીયાદ નોંધાવી હતી. લોધીકા પોલીસ મથકનાં એ.એસ.આઈ પી.એન. અગ્રાવત આ મામેલ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં ટ્રાફિકનાં ઈ-મેમો ભરવામાં ભારે વિલંબ કરતા ૪૮ વાહનચાલકોના લાઈસન્સ સસ્પેન્ડ કર્યા

## બેદરકારીપૂર્વક વાહન ચલાવતા અન્ય ચાલકો સામે પણ લાયસન્સ રદ કે સસ્પેન્ડ કરવાની કાર્યવાહી

રાજકોટ.

ટ્રાફિકનાં નિયમોનો ભંગ કરતા વાહન-ચાલકોને ઈ-મેમો મારફતે દંડ ફટકારવામાં આવે છે, પરંતુ અનેક વાહન ચાલકો સમયસર દંડ ભરતા નથી, આથી આવા વાહનચાલકો સામે રાજકોટ જીલ્લા આરટીઓ તંત્રએ રાજકોટ શહેરમાં ટ્રાફીકના નિયમોનું ચુસ્ત પાલન થાય અને વાહન ચાલકો સમયસર ઈ ચલણની રકમ ભરપાઈ કરે તે હેતુથી પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરી દ્વારા લાલ આંખ કરવામાં આવી છે.

ટ્રાફિક શાખા દ્વારા ડેટા ચકાસતા ૨૫૦ જેટલા વાહન ચાલકો પાસે વધુ પડતા ઈ ચલણ મેમો, પેન્ડીંગ હોવાનું સામે આવ્યું હતું. જેમાંથી પ્રાથમીક ધોરણે કડક કાર્યવાહી હાથ ધરીને ભયજનક રીતે વાહન ચલાવતા તેમજ વધુ ઈ-ચલણ બાકી હોય તેવા ૪૮ જેટલા વાહન ચાલકોના ડ્રાઈવીંગ લાયસન્સ ૩ મહિના માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા




છે તેમ આરટીઓ અધિકારી ટાંકે જણાવેલ છે.પોલીસ કમિશ્નર (ઝોન-૨ ટ્રાફીક શાખા) દ્વારા મોકલવામાં આવેલી યાદી અને સીટી રોડ સેફટી સમિતિની બેઠકની મીનીટસ સંદર્ભે આરટીઓ રાજકોટ દ્વારા આ કડક પગલું ભરવામાં આવ્યું છે.

આગામી દિવસોમાં પણ બાકી ઈ ચલણ ધરાવતા અને બેદરકારીપૂર્વક વાહન ચલાવતા અન્ય ચાલકો સામે પણ લાયસન્સ રદ કે સસ્પેન્ડ કરવાની કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

# ઉનાના સનખડા આરોગ્ય કેન્દ્રમાં દોઢ મહિનાથી એમબીબીએસ તબીબ નથી

## ૧૩ ગામોના દર્દીઓને ૧૫-૨૦ કિમી દૂર ઉના જવાની ફરજ

ઉના

ઉના તાલુકાના સનખડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં છેલ્લા દોઢ મહિનાથી સ્મ્મ્જી તબીબની નિમણૂક થઈ નથી. આના કારણે સનખડા સહિત આસપાસના ૧૩ ગામોના દર્દીઓને સારવાર માટે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

કાયમી તબીબના અભાવે દર્દીઓને ૧૫ થી ૨૦ કિલોમીટર દૂર ઉના જવાની ફરજ પડે છે. સનખડા ગામની આશરે ૧૦ થી ૧૨ હજારની વસ્તી ઉપરાંત આસપાસના ગામોના દર્દીઓ પણ આ કેન્દ્ર પર આવે છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, અહીં દરરોજ સરેરાશ ૮૦ થી ૯૦ દર્દીઓ સારવાર માટે આવે છે.હાલ




ચોમાસાની ઋતુ હોવાથી તાવ, શરદી, મેલેરિયા, ડેન્ગ્યુ અને ટાઈફોઈડ જેવા રોગોના દર્દીઓ પણ સારવાર માટે આવે છે. જોકે, MBBSતબીબ ન હોવાથી સરકારી આરોગ્ય કેન્દ્રની સુવિધાનો પૂરતો લાભ મળી રહ્યો નથી. હાલ આયુષ ડોક્ટર દ્વારા દર્દીઓને પ્રાથમિક સારવાર આપવામાં આવી રહી છે. સારવાર આપવામાં આવી રહી છે.આરોગ્ય કેન્દ્રમાં ઈમરજન્સી એમ્બ્યુલન્સ પણ લાંબા સમયથી બંધ હાલતમાં છે. ગ્રામજનો દ્વારા આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારીને રજૂઆત કરવામાં આવી હતી. તેમને એમ્બ્યુલન્સ રિપેર કરાવી આપવાની ખાતરી આપવામાં આવી હતી, પરંતુ તે હજુ સુધી કાર્યરત થઈ નથી.તાલુકા હેલ્થ ઓફિસરના જણાવ્યા મુજબ, બે દિવસમાં તબીબની નિમણૂક થઈ જશે. તેમણે વધુમાં જણાવ્યું કે એમ્બ્યુલન્સ કન્ડમ હાલતમાં છે અને તેના રિપેરિંગનો ખર્ચ વધુ આવે તેમ છે. ગ્રામજનોએ વહેલી તકે કાયમીMBBS તબીબની નિમણૂક કરવા અને એમ્બ્યુલન્સને રિપેર કરાવી કાર્યરત કરવાની માંગ કરી છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

૮૦મું સ્વાતંત્ર્ય પર્વ ૨૦૨૬ અમરેલી
૧૫ ઑગસ્ટ
રાજ્ય મહોત્સવ

ગૌરવ, એકતા અને ઉત્સવનો અવસર

# ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની સૌને ખૂબ-ખૂબ શુભકામનાઓ...



માનનીય મુખ્યમંત્રી
## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની
ગરિમામયી ઉપસ્થિતિમાં

## રાજ્યકક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ

**તારીખ:** ૧૫ ઑગસ્ટ-૨૦૨૬, શનિવાર,
**સવારે:** ૯.૦૦ વાગે, **સ્થળ:** પોલીસ પરેડ ગ્રાઉન્ડ, અમરેલી

## વિકાસના માર્ગે અડીખમ ગુજરાત



### ખેડૂત કલ્યાણ
અન્નદાતાની મહેનતને મળ્યો ટેક્નોલોજીનો સાથ:
i-Khedut 2.0 પોર્ટલ, 'કૃષિ પ્રગતિ' એપ અને
AI ચેટબોટ દ્વારા ખેતીમાં ડિજિટલ ક્રાંતિ



### યુવા વિકાસ
'વિકસિત ગુજરાત' ના નિર્માણમાં
યુવાનોની સહભાગિતા:
'શક્તિદૂત ૨.૦' યોજનાનો શુભારંભ



### જનજાતિય સમૃદ્ધિ
વનવાસી સુધી પહોંચી સમૃદ્ધિ: તમામ
આદિવાસી જિલ્લાઓમાં ઉત્કૃષ્ટ શિક્ષણ વ્યવસ્થા,
આધુનિક આરોગ્ય અને પાકા રસ્તાઓની સુગમતા



### શહેરી વિકાસ
વિશ્વસ્તરીય ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે શહેરોને મળી
નવી ઓળખ: પ્રદૂષણમુક્ત ઈ-બસ સેવાઓ અને
સ્માર્ટ સિટીઝ દ્વારા સુવિધાસભર શહેરી જીવન



### આરોગ્ય સુવિધા
જન-જનને મળશે શ્રેષ્ઠ સારવાર:
₹૧૦ લાખના સુરક્ષા કવચ અને આધુનિક
હોસ્પિટલોથી સક્ષમ બનતું ગુજરાત



### મહિલા સ્વાવલંબન
સુરક્ષિત અને સ્વાવલંબી નારી: સ્વ-સહાય
જૂથો અને આત્મનિર્ભરતા દ્વારા આર્થિક રીતે
પગભર બનતી રાજ્યની 'લખપતિ દીદીઓ'



"૮૦મું સ્વાતંત્ર્ય પર્વ એ દેશની આઝાદીનો મહામહોત્સવ તેમજ દેશની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રગૌરવને ઉજવવાનો અવસર છે."
**- હર્ષ સંઘવી**, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત